ૐ હ્રીँ અર્હં નમોનમઃ

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૧

લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ

સહાયક : મુનિ યોગીરત્નવિજય મ.સા.

**સસ્તુ સાહિત્ય અને ધર્મનો પ્રચાર**

પૂજા, પૂજન, પ્રવચન, તપશ્ચર્યા, શિબિર, બર્થ ડે, યાત્રા,
પર્યુષણા, સ્નાત્ર, પાઠશાળા, પ્રતિક્રમણ વગેરેમાં પ્રભાવના
કરવા યોગ્ય પુસ્તકો ભાગ ૧ થી ૧૩

આવૃત્તિ : ત્રેવીસમી, તા. ૧૫-૧-૨૦૧૬, નકલ : ૩,૦૦૦
પૂર્વેની નકલ : તા. ૧-૧-૧૯૯૫ થી ૭૦,૦૦૦

કિંમત ₹ ૨-૦૦

## પ્રાપ્તિસ્થાનો

**અમદાવાદ :**

- જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫
- રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪
- શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯
- નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

- પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬
- નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

**પ્રકાશિત થયેલ પુસ્તકો : પંન્યાસ ભદ્રેશ્વરવિજય**

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫**
**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૩ છુટા, દરેકના માત્ર ₹ ૨**
**જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮**
जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ६ प्रत्येक का ₹ ७

કન્સેશનથી મેળવવા મીતેશભાઈનો સંપર્ક કરો. મો.૯૪૨૭૬૧૩૪૭૨

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) અમદાવાદ.
● મો. ૯૮૨૫૨૬૧૧૭૭

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તુ પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૦૬,૦૦૦ નકલ છપાઈ**

# સુખનો સરળ રસ્તો અનુમોદના

***ઉત્તમના ગુણ ગાવતા ગુણ આવે નિજ અંગ***
***તે ગુણ તાસ અનુમોદીએ પુણ્ય અનુબંધ શુભ યોગ રે***

સર્વ જીવ ઊંચા સુખોને ઈચ્છે છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે સુખ મેળવવાના ઉપાયો આ છે :- ગુણપ્રાપ્તિ, ગુણરાગ, ગુણીની ભક્તિ વગેરે. પરંતુ અનેક દોષોથી ભરેલા આજના માનવોને એ ભાન થઈ ગયું છે કે આ બધા ઉપાય બહુ મુશ્કેલ છે. આપણે માટે તો ઉપરની બે કડીમાં અનુભવીઓએ સચોટ અને સરળ ઉપાય બતાવ્યો છે કે ગુણીની પ્રશંસા અને અનુમોદનાથી પણ રથકાર અને હરણ વગેરેની જેમ સદ્‌ગુણો, સદ્‌ગતિની પરંપરા અને પ્રાંતે શિવસુખ અવશ્ય મળે છે.

વર્તમાનકાળના ઉત્તમ ધર્મીઓની આરાધના આ પુસ્તકોમાં વાંચતા અત્યંત આનંદિત થયેલો આપણો આત્મા સહજપણે જ ધર્મીઓના ગુણાનુવાદ તથા અનુમોદના કરે છે. તેથી ગુણહીન આપણો આત્મા પણ અનેક આત્મિક લાભ મેળવી લે છે.

પ.પૂ. ઉપાધ્યાય યશોવિજય મ.સા. વગેરેએ દુર્ગુણોથી ભરેલા આપણી સમક્ષ પ્રશંસા અને અનુમોદના આ બે સાવ સહેલા ધર્મનો જબ્બર પ્રભાવ અનેક ગ્રંથોમાં વર્ણવ્યો છે. વળી વર્તમાનમાં આપણા જેવાં જ માનવોની ધર્મ-આરાધના વાંચતા આપણી શક્તિ અને સંયોગ પ્રમાણેની આરાધના અલ્પ પ્રયત્નથી આપણે પોતે પણ જીવનમાં લાવી ભાવિ ભવોમાં મહાન ગુણી બની જઈએ છીએ. અને બીજું, સદ્‌ગુણોની ઓટવાળા આ વર્તમાનકાળમાં શ્રેષ્ઠ ધર્મ આરાધના કહી શકાય તેવા ધાર્મિક, સત્ય, વર્તમાન, પ્રેરક આ પ્રસંગો આ પુસ્તકોમાં સંગ્રહિત કર્યા છે. કોઈક નાના માણસની થોડી સારી વાત પણ ઘણાને ખુશ કરી દે છે. આમાં તો ધર્મી જૈનોની અદ્‌ભૂત આરાધના વાંચતા વાંચતા બધાને અપાર આનંદ આવશે જ એ નિઃશંક છે. તેથી જ માત્ર ૧૦ વર્ષમાં અનેક આવૃત્તિ અને લાખો નકલોમાં પ્રગટ થયેલ આ સરસ અને સુંદર પુસ્તકો તમે જરૂર વારંવાર વાંચશો અને અનેકોને વંચાવી પુણ્યભંડાર ભરશો.

ભગવાન જેવો આપણો આત્મા અનાદિકાળથી ભયંકર દુઃખો ભોગવી રહ્યો છે. અનંતપુણ્યે મળેલા આ દુર્લભ માનવભવમાં વિલાસી વાતાવરણમાં કદાચ તમે ધર્મ કરી શકતા નથી. તો પણ આવા પુસ્તકો એ ત્રીજા ઔષધ જેવા છે.

આ પુસ્તક વાંચી શુભ ભાવોને પેદા કરવાથી તમને ભવોભવ જિન-શાસન, મોક્ષસાધના આદિ જરૂર મળશે. મોંઘેરા અત્તરની સુગંધ પણ અલ્પકાળમાં જ ઊડી જાય છે. જ્યારે ધર્મીઓની ઊંચી આરાધના તો એક વાર પણ વાંચ્યા પછી યાવજ્જીવ અનેરા આનંદથી આત્માને તરબતર કરી દે છે... સજ્જનોમાં પણ અશુભ આલંબનો અનેક દોષો ખડકી દે છે. જ્યારે સામાન્ય જનોમાં પણ શુભ આલંબનો નવા સુંદર ગુણો પેદા કરી આપે છે. તેથી જ ધર્મીજનોની જાતજાતની અલબેલી સાધના જાણવા માટે શ્રેષ્ઠ અને મનોરંજક આ વાંચન શક્ય વધુ ને વધુ સમય વાંચી આત્મહિત સાધશો. આ દૃષ્ટાંતો તમને ધર્મ શ્રદ્ધા, આરાધના, પ્રેરણા, ઉત્સાહ, હિંમત, ધર્મવાંચન રાગ, અવનવા ગુણ, પુણ્ય નિર્જરા, પાપોથી નિવૃત્તિ, ધર્મનો બોધ, અવગુણોનું જ્ઞાન વગેરે ઘણું બધું મેળવી આપશે !! તત્વજ્ઞાન કદાચ ઘણાને કઠિન લાગે. પરંતુ પ્રેરક વાર્તાઓ તો બધાને ગમે.

આ પ્રસંગો પુસ્તકના આઠ ભાગમાં પ.પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિ મ., પ.પૂ. આ.શ્રી રત્નસુંદરસૂરિ મ., પ.પૂ. આ. શ્રી હેમરત્ન સૂરિ. મ., પં. શ્રી ભુવનસુંદરવિજય, પૂ. આ શ્રી જયસુંદરસૂરિ મ., પં. શ્રી ગુણસુંદરવિજય, શ્રી પુણ્ય રત્ન વિજય, મુનિ શ્રી કલ્પરત્ન વિજય, પં. શ્રી અભયચંદ્ર વિજય, પં. શ્રી અક્ષય બોધિ વિજય, પં. શ્રી મહાબોધી વિજય, પં. શ્રી મેઘદર્શન વિજય, ગણિવર્ય શ્રી યશોવિજય, મુનિશ્રી અનંત બોધિ વિજય, મુનિ શ્રી જીતરક્ષિતવિજય, મુનિ શ્રી જયપદ્મવિજય, મુનિ શ્રી જયદર્શન વિ., મુનિ શ્રી યુગદર્શન વિજય આદિએ આપેલા પ્રસંગો બદલ તેઓનો આભાર.

આ પંદરમી આવૃત્તિમાં આઠે ભાગને વિષયવાર ગોઠવી છપાવ્યા છે. જેથી વ્યાખ્યાનકર્તાઓ તથા વાચકોને ઈષ્ટ વિષય તથા પ્રસંગ અનુક્રમણિકામાંથી સહેલાઈથી મળશે.

જૈનો શુભ પ્રસંગે પ્રભાવના કરતા હોય છે. ક્યારેક આવા પુસ્તકની તમે પ્રભાવના કરો તો જ્ઞાન ભક્તિ, ધર્મની અનુમોદન, જ્ઞાનદાન વગેરે ઘણા લાભ તમને મળે. તમારા સગા સંબંધી, સ્વજન બધાને આ પુસ્તકો વાંચવા આપવા જેવા છે. તમે પણ અનુભવેલા ચમત્કારો વગેરે તમે સંપૂર્ણ વિગત સાથે લખશો. આ પુસ્તકોમાં **જિનાજ્ઞા** વિરૂદ્ધ તથા પ્રસંગોમાં હકીકતમાં ફેરફાર લખાયા હોય તો ***મિચ્છામિ દુક્કડમ્***

## નવા પુસ્તકના લાભની સ્કીમો :

ખલાસ થતાં આ પુસ્તકો ૧-૨ વર્ષે છપાય છે. આના પ્રકાશનમાં લાભ લેવા માટે મીતેશભાઈનો સંપર્ક કરો.

૧. નકલ ત્રણ હજારમાં ૪ કલરમાં ફોટો-મેટર છપાવવા : ટાઈટલ પેજ ૪ ઉપર આખુ પાનું ₹ ૬,૦૦૦, અડધું પાનું ₹ ૩,૦૦૦.

૨. 'બુકભક્તિ'માં નામ એક લીટીમાં છાપવા : ₹ ૧,૦૦૦

૩. કન્સેશનમાં ₹ ૧,૦૦૦, ૫૦૦ વગેરે. તમારા આ દાનનો સદુપયોગ તેટલી રકમનાં પુસ્તકો કન્સેશનથી સસ્તા વેચાશે.

૪. પુસ્તક છપાશે ત્યારે તમે આપેલા સરનામે ૨ પુસ્તક ભેટ મોકલવામાં આવશે. તમારો મો.નં. ખાસ આપશો.

૫. તમારો સહયોગ જેટલો વધુ તેટલી કિંમત સસ્તી રખાશે. (ઉદા. ₹ ૨ વગેરે)

## નીચેનું ખાસ વાંચો

આ પ્રથમ ભાગની માત્ર ૨૨ વર્ષમાં ત્રેવીસ આવૃત્તિમાં ૭૩,૦૦૦ નકલ છપાઈ ! તેર ભાગની કુલ ૬,૦૬,૦૦૦ નકલ પ્રગટ થઈ ! આપ વાંચનપ્રેમી છો. શ્રેષ્ઠ સુખ, શાંતિ પ્રદાન કરનાર આ તેર ભાગ વાંચી, પરિચિતોને વંચાવી, શુભ પ્રસંગે પ્રભાવના કરી સ્વ પર આત્મહિત સાધો એ જ શુભાશિષ.

# ભાગ-૧ની અનુક્રમણિકા (ચમત્કારો)


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | દઢધર્મી શ્રાવિકા | ૮ |
| ૨. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીએ બચાવ્યો | ૧૦ |
| ૩. | આજે પણ ચમત્કાર થાય છે ! | ૧૧ |
| ૪. | દેવ છે ? (અજૈન પ્રસંગ) | ૧૧ |
| ૫. | જાપથી હૃદયદર્દ મટ્યું | ૧૨ |
| ૬. | સંયમનો પ્રભાવ | ૧૩ |
| ૭. | પ્રભુદર્શનથી મોતિયો મટ્યો ! | ૧૪ |
| ૮. | દેવોનું સાક્ષાત્ દર્શન | ૧૬ |
| ૯. | ચોવિહારના ધર્મે મોતથી બચાવ્યા | ૧૭ |
| ૧૦. | શ્રી શાંતિનાથે મરતાં બચાવ્યો | ૧૯ |
| ૧૧. | સંઘપતિ આદરથી રોગનાશ | ૧૯ |
| ૧૨. | શત્રુંજય ભક્તિથી રોગનાશ | ૨૦ |
| ૧૩. | દાદાના પ્રતાપે રોગ મટ્યા | ૨૧ |
| ૧૪. | કાયોત્સર્ગથી શીલરક્ષા અને પ્રાણરક્ષા | ૨૩ |
| ૧૫. | શ્રી સીમંધરસ્વામીજીનો પ્રભાવ | ૨૫ |
| ૧૬. | સિદ્ધગિરિના અચિંત્ય પ્રભાવથી ગચ્છાધિપતિની પદવી | ૨૬ |
| ૧૭. | દાદાએ દીધો દીકરો | ૨૮ |
| ૧૮. | જીનપૂજાથી શ્રીમંત | ૩૦ |
| ૧૯. | પરિગ્રહ-પરિમાણ વ્રતે ચમત્કાર કર્યો | ૩૨ |
| ૨૦. | ધર્મપ્રભાવે અદ્રશ્ય સહાય મળી ! | ૩૪ |
| ૨૧. | પ્રભુભક્તિથી દીક્ષા મળી | ૩૫ |
| ૨૨. | આદિનાથના જાપથી યાત્રા થઈ ! | ૩૬ |
| ૨૩. | પ્રભુના સ્મરણે કસ્ટમમાંથી છોડાવ્યા | ૩૮ |
| ૨૪. | સિદ્ધગિરીના પ્રભાવે રોગ ગાયબ | ૩૯ |
| ૨૫. | ધર્મે મરતા બચાવ્યા | ૩૯ |
| ૨૬. | માંગલિકનો ચમત્કાર | ૪૧ |
| ૨૭. | પ્રભુભક્તિથી કેન્સર કેન્સલ | ૪૩ |
| ૨૮. | ધર્મપ્રભાવે મૃત્યુથી બચ્યા | ૪૪ |
| ૨૯. | પ્રભુભક્તિથી મૂંગાપણું નાશ | ૪૫ |
| ૩૦. | દાદાના પ્રભાવે છઠ્ઠ કરીને સાત જાત્રા થઈ ! | ૪૬ |
| ૩૧. | ધર્મ ઉમંગથી પગદર્દ-નાશ | ૪૭ |
| ૩૨. | સંતિકરં સ્તોત્રનો પ્રભાવ | ૪૮ |

## ધર્મ વાંચનના ફાયદા

હે ધર્મ આરાધક જૈનો ! આપ ઉત્તમ છો. તેથી જ આવા હડહડતા વિલાસી વાતાવરણમાં પણ પ્રભુની ભક્તિ વગેરે ઘણો ધર્મ આરાધી રહ્યાં છો. ખરેખર આપણે આત્મકલ્યાણ કરવું જ હોય તો નીચેની આપણા આત્મ કલ્યાણની વાત વાંચી, વિચારી, યથાશક્તિ જીવનમાં આચરવી જ જોઈએ.

શ્રાવકોના જીવનમાં આજે પૂજા, દર્શન, તપ, દાન વગેરે ઘણા બધા ધર્મો કેટલાંક આરાધકો રોજ અને પર્વદિને કરે છે, પરંતુ અતિ મહત્ત્વનો જ્ઞાન ધર્મ લગભગ બધા જ ભક્તજનો કરતા નથી. ખરેખર તો શાસ્ત્રે, શ્રાવકોથી અનેકગણો ધર્મ આરાધતા સાધુનુ નિત્ય કર્તવ્ય ફરમાવ્યું છે કે રોજ દરેક સાધુએ ૧૫ કલાક શાસ્ત્ર અભ્યાસ કરવો જ જોઈએ !

આ નવી આવશ્યક હકીકત જાણ્યા પછી વાંચનપ્રેમી તમને થવું જોઈએ કે જ્ઞાન-આરાધના શી કરવી ? તેનો જવાબ : સૂત્ર, સ્તવન, સ્તુતિ વગેરે ગોખવા, તત્ત્વ અભ્યાસ કરવો, ધર્મવૃદ્ધિકર વાંચન કરવું, મોક્ષમાર્ગનું જ્ઞાન મેળવવું વગેરે જ્ઞાન સાધના છે.

જો તમને પુસ્તક વાંચન ગમે છે તો હવે તમારે સંકલ્પ કરવો કે પ્રભુકૃપાથી આવો ખૂબ હિતકર ધર્મ જો હું કરું જ છું તો હવે વાંચન ધર્મની મારે સાધના કરવી જ છે. એ સાધના ત્યારે ગણાય કે જો તમે વાંચન આરાધના નીચે પ્રમાણે કરો :

વાંચન આત્મહિતકર જ કરવું. એકાગ્રતાથી કરવું. સમય કાઢીને પણ કરવું જ. બીજી નિરર્થક પ્રવૃત્તિઓ બંધ કરી વાંચન વધારવું. શાંતિથી, વિચારપૂર્વક મમળાવવું. સારૂં, ગમે તે સમજપૂર્વક, વારંવાર વાંચી શુભ ભાવ વધારવો. જે વાતો ખૂબ હિતકર લાગે તે પુસ્તક, તેટલા વાક્યો, ફકરાં ૨, ૪, ૧૦ વાર શાંતિથી વાંચવા, લખવા, રોજ વિચારવા, વાગોળવા.

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૧

### નૂતન વર્ષાભિનંદન

### ૧. દૃઢધર્મી શ્રાવિકા

નવા વર્ષના નવલા પ્રભાતે એક મહાન જૈનની સાધના વાંચો. નૂતન વર્ષે સર્વે ઇચ્છે છે કે આજનો દિવસ અને આ વર્ષ સુખશાંતિમાં વીતો. આ સુશ્રાવિકાએ બેસતાં વર્ષે જ એવું શ્રેષ્ઠ કાર્ય કર્યું કે તેણે માત્ર એક જ વર્ષ નહીં, એક ભવ નહીં, પણ ભવોભવ દિવ્ય શાંતિ અને સુખનું રિઝર્વેશન કરાવી લીધું !!!

આ શ્રાવિકાએ મરતાં જે સમાધિ સાધી તે જાણવા ને પામવા જેવી ઘટના છે. એ ધર્મિષ્ઠાબહેન ૨૦૫૪ના બેસતા વર્ષે સ્વર્ગવાસી બન્યા. પાલીતાણામાં માંગલિક શ્રવણ, પૂજા આદિ આરાધના કરી એ સપરિવાર સ્વગામ જવા નીકળ્યાં. ધંધુકા પાસે ગાડી વૃક્ષ સાથે ટકરાતાં એક્સીડન્ટમાં તેમના બે સંતાન તો તરત મૃત્યુ પામ્યા. બે જણને ખૂબ વાગ્યું. ધર્મિષ્ઠાબહેનને પણ વાગ્યું. પણ બહારથી ખાસ માર લાગતો ન હતો. જો કે અંદર મૂઢ માર ઘણો હતો, ( તેથી તેમનું પણ થોડા સમયમાં મોત થયું.) છતાં પતિએ તેમને પૂછ્યું કે "શું થાય છે ?" તો તેમણે કહ્યું કે " ખાસ તકલીફ નથી. મને નવકાર, નવસ્મરણ સંભળાવો ! "

આ શ્રાવિકાની આત્મહિતચિંતા ગજબની હશે. કારણ કે એમના સંજોગો વિચારવા જેવા છે. સાથે પતિ અને પરિવાર છે. ભયંકર અકસ્માત થયો છે. આવા વખતે માણસને મારા સંતાનો

વગેરેને વાગ્યું નથી ને ? વગેરે ચિંતા થાય જ. આમના તો બે સંતાનો મર્યા અને અન્ય બે જણને ખૂબ વાગ્યુ અને બીજા બે બાળકો સાથે જ હતાં. ત્યારે તો એ માતાને પોતાના સંતાનો અને પરિવારની ખૂબ ચિંતા હોય. પરંતુ એ શ્રાવિકાને ખ્યાલ આવી ગયો હશે કે મોત પાસે છે, તેથી સ્વ આરાધના માટે સાવધ થઇ ગયા ! કોઈપણ ચિંતા ન કરતા પોતાને માત્ર નવકાર સંભળાવવાની જ વાતો કરે !!! આ બહેન પણ પુત્ર વત્સલ હતાં. ગાડીમાં પણ મૃત્યુને દિવસે પણ તે સંતાનોને નવી સ્તુતિ વગેરે ગોખાવતા હતાં. ! આવી ધર્મરાગી મા સમાધિ મૃત્યુ પામવા સતર્ક બની ગઈ.

ઈજાગ્રસ્તોને ટ્રકમાં હોસ્પીટલમાં લઈ જતા હતાં. આ શ્રાવિકાને રસ્તામાં શ્વાસની તકલીફ થઇ હતી. છતાં પતિએ શું થાય છે એમ પૂછતાં એ જવાબ ઉડાવી દઇ બહેને આગ્રહ કર્યો, "મને નવકાર સંભળાવો." આનું કારણ છે. આ બહેને જીવતાં ધર્મ આત્મસાત્ કરેલ ! ખૂબ ગુણીયલ હતી. બાળવયથી જ ધર્મ અભ્યાસ, તપ વગેરે કરવા માંડેલા ! શ્રાવિકાઓમાં, સગાસંબંધીઓમાં સર્વની આદરપાત્ર આ ધર્મિષ્ઠાબહેનના આખા જીવનમાં ધર્મ જ પ્રધાન હતો !!! આ શ્રાવિકા સંતાનોને, સંઘને સદા આરાધના કરાવતી હતી. પોતાના પતિની હોસ્પીટલમાં ચિકિત્સા માટે પધારેલ બધાં સાધુ, સાધ્વીની ખડે પગે સેવા કરતી. જો કે પોતે તત્ત્વવેત્તા હતી. મારા પ. પૂ. ગુરુદેવ માટે આ બહેનને અતિશય આદર હતો, છતાં દરેક સમુદાયના સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ ભાવભક્તિથી કરતી હતી !! કદી કોઈની પણ નિંદા ન કરે !!! આ જ બાબત એ સિદ્ધ કરે છે કે આ શ્રાવિકાને સંયમ-પ્રીતિ હતી !! ફાલતુ બાબતોથી એ અલિપ્ત હતી !

આખા જીવનમાં આરાધેલા ધર્મે જ એને મરતાં સમાધિ સમર્પી દીધી ! આપણે અનંત વાર મર્યા પણ મરતા સમાધિ એકે વાર મળી નહીં હોય. તેથી જ જિનશાસને પણ જયવીયરાય વગેરેમાં સમાધિની પ્રાપ્તિ માટે ખૂબ ભાર આપ્યો છે. હે જૈનો ! તમે પણ સમાધિ મૃત્યુની મહત્તા સમજી જીવન ધર્મમય બનાવો.

ધર્મિષ્ઠાબહેને રસ્તામાં જ ટ્રકમાં જ નવકારના શ્રવણ અને રટણ કરતાં કરતાં સદ્‌ગતિ સાધી લીધી ! તેમના પતિની પ્રસિદ્ધિથી દૂર રહેવાની ભાવનાથી નામ વગેરે બદલ્યાં છે. હે આત્મહિત ચાહકો ! જો તમને ધર્મમાં ખરેખર શ્રદ્ધા છે તો આ એક જ ધ્યેય રાખો કે સમાધિ મૃત્યુ મળે માટે જીવન ભાવ-ધર્મમય બનાવવું. હે ભવ્યો ! તમે સર્વત્ર સમાધિને સાધો એ એક માત્ર નૂતન વર્ષે અભિનંદન.

## ૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીએ બચાવ્યા

**નાનો ત્રણ વર્ષનો લાડકો દીકરો. માંદો પડ્યો.** માબાપની ચિંતા વધી. દવા-સારવાર કરી, પણ માંદગી દિવસે દિવસે વધતી ગઇ અને છેવટે બાળક બેભાન અવસ્થામાં **(કોમામાં) ચાલ્યો ગયો.**

મધ્યપ્રદેશમાં રહેતા મા-બાપે છેક મુંબઇના મોટા મોટા ડૉક્ટરોને બતાવ્યું. પરિણામ શૂન્ય. દિવસે દિવસે પરિસ્થિતિ બગડતી ગઇ. બેભાન અવસ્થામાં **૨૦ દિવસ પસાર થઇ ગયા.** કોઇ ઉપાય સુઝતો ન હતો.

છેવટે **શ્રી શંખેશ્વરજી તીર્થમાં જઇ દાદાની સામે બાળકને મૂકી હૃદયપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી પ્રાર્થના કરી,** ''પ્રભુ! તારે શરણે આવ્યા છીએ. તું દીનદયાળ, કરુણાનિધાન છે. તારી અચિંત્ય કૃપાથી બધુ જ સારું થશે.''

મનમાં શ્રદ્ધા હતી, શબ્દોમાં આજીજી હતી, વંદનમાં

ભક્તિભાવ હતો. ગદ્ગદ્ દિલથી કરેલી પ્રાર્થના અવશ્ય ફળે જ છે. કૃપાસિંધુ પાસે ખોળો પાથરીને બેઠા હતા. અને...અને...

ત્રણ કલાક પછી **બાળકે આંખ ઉઘાડી!** તે ભાનમાં આવતો ગયો. માતા-પિતા તથા સ્વજનોના આનંદનો પાર નહોતો. બાળક **ઉગરી ગયો. (બચી ગયો)**

આજે તો **એ ૨૨ વર્ષનો યુવાન** બની ગયો છે. બાળપણનો આ બનાવ માતા-પિતા પાસેથી એણે જાણ્યો છે ત્યારથી **વારંવાર શ્રી શંખેશ્વરજીની યાત્રા ભાવભક્તિથી કર્યા કરે છે.**

**આવો છે એ તીર્થપતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ!** આપણે સૌ પણ એને શ્રદ્ધાથી વંદીએ, વિધિપૂર્વક યાત્રા કરીએ અને કર્મોમાંથી મુક્ત થઇ શાશ્વત સુખ તરફ પ્રયાણ કરીએ...

## ૩. આજે પણ ચમત્કાર થાય છે !

**શ્રી શત્રુંજય ગિરીરાજ ઉપર** વાઘણપોળમાં કવડયક્ષની દેરીની આગળ જમણે સમવસરણવાળું (મહાવીર પ્રભુના દેરાસર પછી) શ્યામ **અમીઝરા પાર્શ્વનાથનું જિનાલય છે.** અહીં અમી ઝરે છે, એ વાત સાંભળી બેંગ્લોરના પારસમલજી ખાત્રી કરવા બે વર્ષ પહેલાં ત્યાં ધ્યાનમાં બેસી ગયા. થોડીવારે અમી ઝરતાં જોઇ આનંદવિભોર બની યાત્રિક અને પૂજારીને પણ ઝરતાં અમી બતાવ્યાં. કલિકાળમાં પણ સાક્ષાત્ બનતાં આવા પ્રસંગો જાણીને પણ આપણને ધર્મમાં શ્રદ્ધા ન થાય તો આપણું ભાવિ કદાચ ભૂંડું તો નહીં હોય ને ?

## ૪. દેવ છે ? (અજૈન પ્રસંગ)

**ઈ.સ. ૧૯૫૭માં બનેલી આ સત્ય ઘટના છે. સર્વજ્ઞો વગેરે દેવોને સાક્ષાત્ જુવે છે. તેમના વચનો સત્ય છે એ પુરવાર**

**કરતો આ પ્રસંગ વાંચી આપણે તીર્થંકરો અને શાસ્ત્રો પર દૃઢ શ્રદ્ધા કરવા જેવી છે.** પીલખુઆ નામના ગામમાં દલવીરખાં રહેતાં હતાં. પીપળાનું ઝાડ તેમણે સો રૂપિયામાં ખરીદ્યુ. સ્થિતિ સામાન્ય તેથી ઈસાકખાંના ભાગમાં લીધું. બંનેએ પૈસા કમાવા ઝાડને કાપવાનો નિર્ણય કર્યો. કાપવાના નિર્ધારીત દિવસની આગલી રાતે દલવીરને સ્વપ્ન આવ્યું : 'હું પીપળો છું. મને કાપીશ નહીં. વૃક્ષના મૂળ પાસે સોનું છે. મેળવીને પૈસા કમાજે.' પીપળામાં વાસ કરતાં વ્યંતર દેવે સ્વપ્ન દ્વારા વાત કરેલી. જાગ્યો. શ્રદ્ધા નહીં. છતાં સ્વપ્ન મુજબ ખોદતાં સોનું મળ્યું ! આશ્ચર્ય પામ્યો. બીબીને વાત કરી, છતાં પણ પૈસાના લોભથી વૃક્ષ કાપવા માંડ્યું. લોહી નીકળ્યું. તોપણ કાપવાનું ચાલુ રાખ્યું. દલવીરનો યુવાન સાજો પુત્ર ત્યારે જ ઓચિંતો બીમાર પડ્યો. થોડીવારે પીપળો કપાઈને પડ્યો. તે જ સમયે પુત્ર મર્યો ! દલવીર રડવા માંડ્યો. તેની બીબીએ પતિના લોભથી અમે પુત્ર ગુમાવ્યો તે વાત પડોશીઓને કરી. પોતાના પાપનો તેને ખૂબ પશ્ચાતાપ થયો. જાત અનુભવ પછી મિંયાજીએ એક્કે વૃક્ષ ન કાપ્યું અને પીપળાની રોજ પૂજા કરવા માંડી. આનો સાર એ છે કે દેવો છે અને આપણે ધર્મ કરીએ તો દેવભવ પણ મળે. તેથી યથાશક્તિ ધર્મ કરવાનો સંકલ્પ કરવો.

## ૫. જાપથી હૃદયદર્દ મટ્યું

પાટણ કનાસાના પાડામાં અશોકભાઈ રહેતા. તેમને અચાનક હૃદયનો દુઃખાવો થયો. ખૂબ ધનવાન હતા. **બાય-પાસ સર્જરી અમેરિકામાં કરાવવાનું નક્કી થયું.** એ વખતે આજથી પણ દસેક વર્ષ પહેલાં બાય-પાસ જોખમી હતું. એ અરસામાં એક વાર એક મહાત્માએ પૂછ્યું, "કેમ વ્યાખ્યાનમાં આવતા નથી ?" અશોકભાઈએ ઓચિંતા આવેલા એટેક અને અમેરિકામાં ઓપરેશનની વાત કરી.

મહાત્માએ તેમને આત્મહિતમાં આગળ વધારવા કહ્યું, "તમારા ઉપાયો તમે જાણો, પણ જ્યાં સુધી ઑપરેશન ન થાય ત્યાં સુધી સિધ્ધચક્રના બીજમંત્ર સ્વરૂપ 'ૐ હ્રીં અર્હં નમઃ' નો જાપ કરવો. " સાધુ પરના આદરભાવથી અશોકભાઈએ આ વાત સ્વીકારી લીધી. જાપ નિયમિત કરતાં અમેરિકા પહોચ્યા. ત્યાં બતાવ્યું, ઓપરેશન નક્કી કર્યું. છેલ્લે ઓપરેશન પહેલાં ફરીથી બધી તપાસ કરાવી ડૉક્ટરોએ રીપોર્ટ જોઇ કહ્યું, "મિસ્ટર શાહ ! તમારું ઓપરેશન નહીં થાય !" અશોકભાઇએ કહ્યું, "સર્જરી તો કરાવવાની જ છે. છેક ઇન્ડિયાથી હું આવું છું. હમણાં કાંઇ વાંધો હોય તો એકાદ બે દિવસ હું રહી જઊં." ડૉક્ટર કહે, "મિસ્ટર શાહ ! **અમે જ્યાં નસ જોઇન્ટ કરવાના હતા ત્યાં નવી નસ ઊગી ગઇ છે અને હૃદય એકદમ નોર્મલ ચાલે છે.** અત્યારે ઓપરેશનની જરૂર જ નથી. છતાં મારા લેટરપેડ. ઉપર લખી આપું છું કે ક્યારેય તકલીફ પડે તો મફત ઓપરેશન કરી આપીશ. તમે નિશ્ચિંત થઇ જાવ."

આજે વર્ષોના વહાણાં વીતી ગયા. અશોકભાઈને કોઈ તકલીફ પડી નથી. અર્હં જાપનો કેવો અદ્‌ભુત પ્રભાવ !!! આવો અદ્‌ભુત ધર્મ તમે બધા સુખમાં ને દુઃખમાં વિધિપૂર્વક ભાવથી નિત્ય કરી સર્વત્ર વધુ ને વધુ આત્મહિત સાધો એ જ અંતરની અભિલાષા.

## ૬. સંયમનો પ્રભાવ

ઝીંઝુવાડા ગામે પૂજ્ય પંન્યાસ શ્રી જંબૂવિજયજી મ. સા. નું ચોમાસુ. તેઓશ્રી જે પડતર ભૂમિમાં સ્થંડિલ જતાં ત્યાં ૬૦ મણ બાજરો થયો. ખેડૂત તો રાજીનો રેડ થઇ ગયો. તે તો એમને ભગવાન માનવા લાગ્યો. એક દિવસ તેના બળદને પેશાબ બંધ થઇ ગયો. આજુબાજુના વિસ્તારમાં પશુઓના ડૉક્ટરને બતાવ્યું.

નિદાન થયું કે કિડની નકામી થઈ ગઈ છે, બે-ત્રણ દિવસમાં મરી જશે. બળદની ભયંકર પીડા મટાડવા શ્રધ્ધાથી ખેડૂત પૂજ્યશ્રીને કહે છે, **"હે દયાનિધિ ! અબોલ પશુને બચાવો." પૂજ્યશ્રીએ બળદની પીઠે સ્પર્શ કર્યો.** અડધા કલાકમાં બળદને પેશાબ થયો ! એ વાતને આજે સાત વર્ષ થયા. હજુ બળદ જીવે છે !

પૂજ્યશ્રીનું પતરી ગામમાં ચોમાસુ. **રાતના બાર વાગે શિષ્ય ધર્મચંદ્રને ઉઠાડ્યો; કહ્યું,** "ચાર બંગલા છોડીને જે મકાન છે, ત્યાંથી **બધાંને બોલાવી લાવ."** તરત જ મુનિશ્રી ગયા. એક વ્યક્તિને સમાચાર આપ્યા. તેણે વિચાર્યું કે બધાંને ક્યાં ઉઠાડવા ? તેથી થોડાકને બોલાવી લાવ્યો. પૂજ્યશ્રી તો જાપમાં હતાં. થોડી વારે આંખ ખોલી. તેમણે કહ્યું, "બધાંને બોલાવો." પૂજ્યશ્રી બોલાવ્યા, પછી પણ એ કહ્યું, "ચોથા માળે એક બાળકી ઘોડિયામાં સુતી છે તેને પણ લાવો." મા-બાપને એમ કે સૂતી છે તો ક્યાં ઉઠાડવી? પણ ગુરૂજીના સૂચનથી લઈ આવ્યા. રાતના ૧૨-૪૫ થઈ. માંગલિક સંભળાવ્યું. ત્યારે બીજી બાજુ તે મકાન પર વીજળી પડી ને મકાન જમીનદોસ્ત થઈ ગયું. પરંતુ પૂજ્યશ્રીના પ્રભાવે બધા બચી ગયા !

## ૭. પ્રભુદર્શનથી મોતિયો મટ્યો !

શ્રી ભટેવા પાર્શ્વનાથના ઐતિહાસિક જિનાલયથી શોભતું ચાણસ્મા ગામ છે. ભાવિકો ગામમાં પ્રતિવર્ષ ઉત્તમ આચાર્યાદિ ભગવંતોનું ચોમાસુ કરાવે છે.

એક વખત પૂ. મુનિરાજ શ્રી મતિસાગર મ.સા. નું ચાતુર્માસ હતું. વ્યાખ્યાનમાં જૈન-અજૈન તમામ રસપૂર્વક લાભ લેતા. એક પટેલ ભાઈ પણ પૂજ્યશ્રીના પ્રવચનથી ભાવિત થતા જ ગયા ! પ્રસંગોપાત પૂજ્યશ્રીના પ્રવચનમાં શ્રી શંખેશ્વર

પાર્શ્વનાથના અચિંત્ય પ્રભાવની વાત નીકળી. આ ભાઈને ખૂબ સ્પર્શી ગઇ અને પ્રભુના દર્શન કરવાનો મનોરથ થયો ! પણ સંસારની જંજાળમાં જઈ ન શક્યા. પુણ્યરહિતના સંકલ્પ ફળતા નથી. આ ભાઈને શ્રી શંખેશ્વર જવાનું બનતું નથી. એમ કરતાં વૃદ્ધાવસ્થા આવી. વળી આંખમાં મોતીયો આવ્યો. બિલકુલ દેખાતું નથી.

ન દેખવાના દુઃખ કરતા પણ આંખો હતી ત્યારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન કર્યા નહીં એ દુઃખ ખૂબ સાલે છે.

થોડા વખત પછી નેત્રયજ્ઞ જાણી પુત્રો કહે છે કે પિતાજી ! અમદાવાદમાં નેત્રયજ્ઞ છે. આપણે ત્યાં જઇને મોતીયાનું ઓપરેશન કરાવીએ. પિતાજી કહે છે, "ઓપરેશનની વાત પછી. પહેલાં મને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરાવો !" પુત્રો વિનમ્રતાથી કહે છે, "પિતાજી ! આપને કાંઇ દેખાતું નથી. તો ભગવાન શી રીતે દેખાશે ? એના કરતાં ઓપરેશન કરાવી તરત જ શંખેશ્વર તીર્થ લઈ જઇશું. પછી આપ સારી રીતે દર્શન કરજો."

પિતાએ કહ્યું, "ભલે હું ભગવાનને નથી જોતો, પણ ભગવાન તો મને જોઇ શકે છે. બસ, મારે પહેલાં શંખેશ્વરજી જ જવું છે!" વિનીત પુત્રોએ આ વાત ઝીલી લીધી.

બુદ્ધિજીવીની કલ્યાણ યાત્રા જલદી વિરામ પામે છે, જ્યારે હળુકર્મી શ્રદ્ધાળુની યાત્રા આગળ ધપતી જ જાય છે ! બંને પુત્રો પિતાશ્રીના હાથ પકડીને શંખેશ્વરની બસમાં બેઠા. અજાણ્યા છે. શંખેશ્વરમાં ઉતરીને પૂછે છે કે દાદાનો દરબાર ક્યાં છે ? ત્યાં પહોંચ્યા અને પૂજારીને વિનંતી કરી કે આ પ્રજ્ઞાચક્ષુ છે અને દર્શન માટેની અદમ્ય ઇચ્છા છે. માટે આગળ જવા દો અને ગભારામાં પહોંચ્યા. પુત્રો કહે છે, "પિતાજી ! આપની સામે

ભગવાન છે, દર્શન કરો."

દિલની ઉત્કટ ભાવના ઘણાં વર્ષે સફળ થતાં આ પ્રભુભક્ત ખૂબ ગદ્ગદિત થઈ ગયા ! હૈયાથી દર્શન કરતાં કરતાં ભક્તિભાવનો ધોધ ઉછળવા માંડ્યો ! આનંદનો કોઇ પાર નથી. તે વખતે આટલા વર્ષો પ્રમાદ કર્યો તે મોટી ભૂલનો પશ્ચાતાપ કરતાં મનમાં ઉદ્ગાર સરી પડે છે, "હે પ્રભુજી ! માફ કરો. આંખો હતી ત્યાં સુધી રખડ્યો. હવે તારૂં દર્શન દુર્લભ બન્યું. પણ પ્રભુજી આ પાપી ઉપર મહેર કરી મારો ઉદ્ધાર કરજે." આમ આક્રંદ કરી રહ્યા છે. આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસે છે. પહેરેલા વસ્ત્રો આંસુથી ભીના થાય છે ! બધા ભક્તો પણ આની ભાવનાથી આનંદમાં ગરકાવ થઈ ગયા છે, અને તેની ભક્તિની અનુમોદના કરી રહ્યા છે ! એટલામાં તો બંને આંખના મોતીયા રૂમાલમાં આવી ગયા !! તેણે સામે જ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન જોયા !!!

કેવલજ્ઞાન રૂપી ચક્ષુ આપનાર શ્રી પ્રભુ માટે ચર્મચક્ષુના દાનની શી વિસાત ? આવી શ્રદ્ધા ભક્તિ આવી જાય તો આપણું પણ કામ થઇ જાય. પટેલ ઉછળતા ભાવથી દાદાના દર્શન કરતાં નાચી રહ્યા છે. અનંતા કર્મોનો નાશ કરી નાંખ્યો. હે ભવ્યો ! તમે બધા પણ દેવાધિદેવની હૈયાથી ઉત્કૃષ્ટ ભક્તિ કરી આ અસાર સંસારને શીઘ્ર તરી જાવ એ જ એકની એક સદા માટે શુભાશિષ.

## ૮. દેવોનું સાક્ષાત્ દર્શન

પાટડીમાં પ.પૂ. પ્રવર્તકપ્રવર શ્રી જંબૂવિજયજી મ.સા. ચાતુર્માસ બિરાજમાન હતા. પૂજ્યશ્રીની પ્રેરણાને ઝીલી નાના ગામમાં ૩૦ માસક્ષમણ થયા ! ૧૫ વર્ષની વર્ષાએ પણ માસક્ષમણ કરેલું ! તેમણે આજે દીક્ષા લીધી છે.

માસક્ષમણના પારણા પછી ૫-૬ દિવસ બાદ આ વર્ષાબેન શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરવા માટે બપોરે ૧૧-૩૦ વાગે ગયા. દેરાસરમાં કોઈ નહીં. પૂજારી પણ નીચે શ્રી શાંતિનાથના દેરાસરના કાર્યમાં રત હતો. વર્ષાબેને આવી કેસર વાટ્યું. ગભારામાં ગયા. વાટકી, ફુલ ત્યાં મૂક્યા. પછી હાથ ધોઈ મુખકોશ બાંધી અંદર જાય છે ત્યાં વાટકીમાં કેસર નહીં, ફુલ પણ નહી અને વાટકી ચોકખી ધોયેલી હોય તેવી જોઈ ! તેમને ખૂબ જ આશ્ચર્ય થયું. ફરી કેસર વાટી મૂળનાયકની પૂજા કરે છે તેટલામાં આખુ મંદિર દિવ્ય સુગંધથી મઘમઘાયમાન બની ગયું ! બે દેવો એક દિવ્ય પ્રતિમાને મૂળનાયકની બાજુમાં બિરાજમાન કરી, પૂજા કરી ચામરનૃત્ય કરી રહ્યા છે ! પ્રકાશનો પુંજ સર્વત્ર ફેલાઈ ગયો છે. આ સાક્ષાત્ જોઇ વર્ષાબેને તો આ દિવ્ય પ્રતિમાની પણ પૂજા કરી !!! આશ્ચર્ય એ થયું કે પોતાના ઘરેથી લાવેલી ચાંદીની દીવી સળગતી હતી. પછી પણ ૦।। કલાક ચાલુ રહી એટલે ઘરે જતાં પૂજારીને સૂચના આપી કે સાંજે દેરાસર ખોલો ત્યારે આ ચાંદીની દીવી ઉંચી મૂકી દેજો. પણ સાંજે પણ દીવી ચાલું ! વળી બીજે દિવસે સવારે એ દીવી એની પૂજાની પેટીમાંથી નીકળી ! દેવો પણ આપણા પ્રભુની પૂજા કરે છે એનો આ વર્તમાન કાળનો પુરાવો છે.

એ જ દેરાસરમાં નીચે શ્રી શાંતિનાથજી ભગવાનના પૂજારીને રોજ સવારે ૧ રૂપિયો મળતો ! જ્યારથી તેણે કોઇને કહ્યું ત્યારથી રૂપિયો મળતો બંધ થયો.

## ૯. ચોવિહારના ધર્મે મોતથી બચાવ્યા

આ સત્ય પ્રસંગ ચાર વર્ષ પહેલાંનો તાજો જ છે. અમદાવાદના **અશ્વિન**ભાઇ આદિ પંદર જણા મેટાડોરમાં વડોદરા ફરવા ગયા. ચોવિહાર રોજ કરતા હોવાથી **સૂર્યાસ્ત**

**પહેલાં નાસ્તો કરી લીધો.** બાકીના હોટલમાં રાત્રે જમ્યા. પછી ૧૧II વાગે અમદાવાદ આવવા બધાં નીકળ્યા. કનેરા પાસે લગભગ ૧૨ વાગે ટેન્કર સાથે **ભયંકર અકસ્માત થયો.** ૪ વાહનોને અકસ્માત થયેલો. ઘણાં તો મેટાડોરમાં ઊંઘતા હતા. **અશ્વિનભાઈને પણ ઊંઘમાં જ જડબામાં ખૂબ વાગ્યું.** તરત જ બેહોશ થઈ ગયા. **તેમની બે બાજુ બેઠેલા બન્ને મિત્રો અને પાછળના બહેન ત્રણે આ અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા. અશ્વિનભાઈને હોસ્પિટલમાં લઈ ગયા.** જડબામાંથી ઘણું લોહી પેટમાં જતું રહ્યું હતું. ડૉક્ટરોએ તપાસીને હાથ ધોઈ નાખ્યા. છતાં **સંબંધી ડૉ. પી. કે. શાહે કહ્યું કે પ્રયત્ન કરું.** કર્યો. **બચ્યા.** જો કે ૨ માસ માત્ર પ્રવાહી જ લઈ શકાતુ હતું. પણ અત્યારે મોઢું વગેરે બધું નોર્મલ જ છે.

ડૉક્ટરે કહ્યું કે બધાં સાથે **અશ્વિનભાઈએ ૧૧ વાગે ખાધું હોત તો લોહી પેટમાં જવાથી ફૂડ પોઈઝન થઈ જાત. તો આ કેસ બચત જ નહીં.** પરંતુ અશ્વિનભાઈ નાની ઊંમરથી જ રોજ ચોવિહાર કરતા હોવાથી છ કલાક પહેલાં ખાધું હોવાથી બચી ગયા ! આ અશ્વિનભાઈ ઝીંઝુવાડાના છે. **પ.પૂ.આ.ભ.શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.સા. તેમના દાદાના મોટાભાઈ થાય.** કુલ ૮ મિત્રો, સાથે ચારના શ્રીમતીજી અને કુલ ૩ બાળકો હતાં. તેમાંથી ૩ ને વધુ વાગેલું. એક બહેન હજી પણ અકસ્માતથી તકલીફો વેઠી રહ્યા છે ! આશ્ચર્ય એ છે કે તદ્દન બાજુમાં બેઠેલા બંને ત્યાં જ પરલોક સિધાવી ગયા અને **વચ્ચે બેઠેલા અશ્વિનભાઈ બચી ગયા !** ચોવિહારે જ તેમને બચાવ્યા હશેને ? આવું જાણી હે ઉત્તમ જીવો, તમે પણ ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા રાખી ચોવિહાર વગેરે આરાધના યથાશક્તિ કરીને પ્રચંડ પુણ્ય કમાઈ સુખનો પરવાનો મેળવવાનું ચૂકશો નહીં.

## ૧૦. શ્રી શાંતિનાથે મરતાં બચાવ્યો

સ્વાગતને શ્રી શાંતિનાથ ભગવાનની ભક્તિએ બચાવ્યો. અમદાવાદ શાહપુરમાં પ્રવીણભાઇ પોપટલાલ રહે છે. ૪ વર્ષના પુત્ર સ્વાગતને લઇ સ્કૂટર ઉપર જતા હતા. રસ્તામાં અકસ્માતમાં ટેણિયાને ખૂબ વાગ્યું. હોસ્પીટલ લઇ ગયા. ડૉક્ટરોએ કહ્યું કે હેમરેજ થઇ ગયું છે. બચવાની શક્યતા લાગતી નથી. પરંતુ કોમામાં ૭૨ કલાક પસાર થઇ જાય તો કદાચ બચી પણ જાય.

શ્રી શાંતિનાથ દાદાને પુત્રપ્રેમી પ્રવીણભાઈ ખૂબ ભાવથી પ્રાર્થના કરે છે, " દાદા ! આ નાનકાને ગમે તેમ કરી બચાવો." ત્રણે દિવસ રોજ અત્યંત વિનવણી કર્યા કરે છે. એક તો માત્ર ૪ વર્ષનો અને વાગેલું ખૂબ. બાજી કર્મના હાથમાં હતી.જ્ઞાનીઓ એ ભાવના પણ ભવનાશિની કહી છે. ભાવભક્તિના પ્રભાવે સ્વાગત ૭૨ કલાકે ભાનમાં આવ્યો ! છેવટે બચી ગયો !!! શ્રી શાંતિનાથ દાદા પર પ્રવીણભાઈની શ્રધ્ધા ખૂબ વધી ગઇ અને એણે દાદાને રૂપિયા દસ હજારનો કિંમતી હાર ચડાવ્યો ! આજે પણ સ્વાગત જીવે છે.

પ્રાર્થનાનું અદ્‌ભૂત બળ છે. આ પરમ માંગલિક નૂતન વર્ષે તમે બધાં પણ સાચા દિલથી પરમ પ્રભાવી પ્રભુને ખૂબ શ્રદ્ધાથી મંગલ પ્રાર્થના કરો કે આ દુર્લભ માનવભવમાં સદ્‌વાંચન વગેરે ધર્મકાર્યોથી મારા તન અને મનને પવિત્ર બનાવો. ગુણો વધારી દોષોને ઘટાડી ભવોભવ શાંતિ અને સુખ અપાવો. અને પરંપરાએ શાશ્વત અને આત્મિક આનંદને અર્પો.

## ૧૧. સંઘપતિ આદરથી રોગનાશ

લગભગ ૭૦ વર્ષ પહેલાની આ સત્ય ઘટના છે. શ્રેષ્ઠી

નગીનદાસભાઈએ પાટણથી શ્રી ભદ્રેશ્વર તીર્થનો સંઘ કાઢ્યો. રસ્તામાં એક ગામના એક શ્રાવકે સંઘપતિને આગ્રહ કર્યો કે મારા ઘરે પધારો. સંઘપતિ નગીનદાસભાઈએ કહ્યું કે સમય નથી. સંઘ ખોટી થાય છે. પણ શ્રાવકે અતિ આગ્રહ કરતાં કહ્યું કે ૨ મિનિટ માટે પણ આવવું જ પડશે. પૂર્વના અતિ શ્રીમંતો પણ દાક્ષિણ્ય ગુણવાળા હતા. સંઘપતિ એમની ભાવના પૂર્ણ કરવા ગયા. સંઘપતિને તે સામાન્ય શ્રાવકે દૂધ પીવા આપ્યું. પછી સંઘપતિ ગયા. વધેલું દૂધ અતિ શ્રધ્ધાથી તે શ્રાવકે પીધું ! ચમત્કાર થયો. શ્રાવકનો રોગ નાશ પામી ગયો. એ શ્રાવકને ઘણા વખતથી રોગ હતો કે ખાધેલું ટકે નહીં. તેને શ્રધ્ધા કે જ્ઞાનીઓ સંઘપતિને તીર્થંકર પદવી પણ મળે એમ કહે છે. તેથી આ નગીનદાસભાઈનો પીધેલો ગ્લાસ પ્રસાદી માની હું પીશ તો રોગ મટશે. ખરેખર મટી ગયો ! આદર-બહુમાનમાં આવા અદ્‌ભૂત ચમત્કાર સર્જવાની અચિંત્ય શક્તિ છે.

ખાસ મારે એ ધ્યાન દોરવું છે કે સંઘ અને સંઘવી નું શાસ્ત્રોમાં ઘણું મહત્વ બતાવ્યું છે. ધનવાનો ધર્મમાં ધનનો સદ્‌વ્યય કરે તો તમને તે દાનવીરો પ્રત્યે આદર જાગે છે કે ઈર્ષ્યા, નિંદા ? કેટલાક લોકો દાતા ધર્મી પૈસાવાળાની નિંદા કરે છે. પણ ખરેખર તો એ શ્રીમંતોને દાન વગેરે ધર્મકાર્યોમાં જે ધર્મબુધ્ધિ હોય છે અને ધન પણ નીતિ પૂર્વક મેળવેલું હોય એ અનુમોદનીય છે. હે ધર્મપ્રેમીઓ ! મફતમાં મળતી આ અનુમોદનાનો લાભ ગુમાવી નિંદા વગેરેના ખોટા પાપથી લાખો યોજન દૂર રહેવું.

## ૧૨. શત્રુંજય ભક્તિથી રોગનાશ

૧૨ વર્ષનો અરિહંત ચમત્કાર વર્ણવતાં કહે છે કે મારા ઘરનાં બધાંને શ્રી શત્રુંજયના દાદા શ્રી આદિનાથજી પર દૃઢ શ્રધ્ધા છે. મારા કાકીના પગની પાનીમાં પાણી ભરાતું હતુ અને ઢીંચણનું

દર્દ સખત હતું. ડૉક્ટરને બતાવી પાણી કઢાવ્યું. વળી પાછું ભરાતું. વૈદ્યની દવા કરી. કોઈ ફાયદો નહીં. એમ ૬ માસ થઇ ગયા.

ઘરેથી બધાંએ પાલીતાણા યાત્રાએ જવા વિચાર્યું. કાકીને મનમાં દુઃખ કે બધાં સાથે જવાનું તો છે પણ મારે યાત્રા નહીં થાય. બધાં કહે કે તમારે ય જાત્રા કરવાની છે. ત્યારે કાકીએ મનથી નક્કી કર્યું કે જાત્રા કરીશ તો ચડીને જ કરીશ ! પાલીતાણા પહોંચી જાત્રા માટે ધર્મશાળાથી ચાલતા નીકળ્યા. તળેટી પહોચ્યાં. દાદાને ભક્તિભાવથી કાકી વિનવે છે,"હે દાદા ! તારા પ્રભાવે આટલે તો આવી ગઈ. તુ મને ચઢીને યાત્રા કરાવ........" ચઢવા માંડ્યું. ૩ કલાકે આપ મેળે પહોંચી ગયા !! પૂજા કરી પ્રભુનું ધ્યાન કર્યું. વેદના બિલકુલ ન હતી ! સારી રીતે નીચે ઉતર્યા ! તે દર્દ ગયું તે પછી ૪ વર્ષમાં ક્યારેય થયું નથી ! દાદાના આ પ્રભાવથી કાકીનો ભક્તિભાવ વધી ગયો. તે દર વર્ષે ૩ વાર શ્રી શત્રુંજયની યાત્રા કરે છે !!

શ્રી શાશ્વત તીર્થનો આ પ્રભાવ આવા કલિકાળમાં પણ ઘણાંએ અનુભવ્યો છે. આવા તીર્થાધિરાજની તમે ભાવથી યાત્રા કરી આત્માને નિરોગી બનાવો તથા યાત્રામાં કોઇ વિઘ્ન આવી પડે તો આવા પ્રસંગો યાદ કરી દાદા અને કપર્દી યક્ષને ગદ્ગદ્ હૈયે પ્રાર્થના કરી હિંમતથી યાત્રા કરો. વિઘ્ન ટળી જશે !!!

## ૧૩. દાદાના પ્રતાપે રોગ મટ્યા

આજથી પ્રાયઃ ત્રણ વર્ષ પૂર્વે સાધ્વીજી શ્રી રમ્યદર્શિતાશ્રીજીને ઘણા રોગ હતા. લિવર બગડેલ, હોજરીમાં અલ્સર અને ચાંદા હતાં, આંતરડામાં સોજો, અન્નનળીમાં પણ સોજો. રોગોને કારણે એટલી બધી ઊલટી થાય કે પેટમાં ૧ ચમચી પાણી પણ ન ટકે. ૨ વર્ષ સુધી પ્રાયઃ બિઆસણું પણ ન

કર્યું. સંવત્સરીના દિવસે પણ માંડ માંડ પવાલું દૂધ રડતાં રડતાં પીને બિઆસણું કર્યું. કમરમાં મણકો ખસી ગયેલ, પગમાં પાણીનો ભરાવો અને મન તો સાવ અસ્થિર, અપસેટ. ઓઘો પાસે છે કે નહિ તેનો પણ એમને ખ્યાલ નહોતો રહેતો. બાર મહિના સુધી ઘણા ઉપચાર કરાવ્યા. પણ રોગ મટ્યા નહિ. છેવટે સાબરમતીથી વિહાર કરી પાલીતાણા ગયા. ત્યાં ગયા પછી સાધ્વીજીને ભાવ જાગ્યો કે આટલી દવા કરવાં છતાં કંઇ પણ સુધારો ન થયો, તો હવે દાદા કરાવે તો ચોવિહાર છટ્ઠથી નવ્વાણુ કરું ! મનોમન સંકલ્પ કરી વડીલોને કહ્યું કે હું તો ચોવિહાર છટ્ઠ કરી સાત યાત્રા કરીશ જ. બધાએ ના પાડી કે તમે પગથી એક ડગલું પણ ચાલી શકતાં નથી. તો સાત યાત્રા કરવી એ કાંઇ છોકરાના ખેલ નથી. પણ એમને તો દાદા ઉપર પૂરી શ્રધ્ધા. દર્દવાળા પગે ધીરે ધીરે ચાલતા તળેટી સુધી પહોચ્યાં અને દાદાના ધ્યાનમાં એકાકાર થઇ ગયા ! દાદાને આજીજી કરે છે, ''હે દાદા ! મારે સાત યાત્રા કરવી છે. પગેથી એક ડગલું પણ ચાલી શકું તેમ નથી, પરંતુ તું સાત યાત્રા કરાવ.'' આવી પ્રાર્થના કર્યા જ કરે છે. અને **તે જ વખતે એવો ચમત્કાર થયો કે સાધ્વીજી સડસડાટ ચડવા માંડ્યાં !** જોનારને તો લાગે કે સાધ્વીજી જાણે ઉડે છે ! અને પછી તો પારણે - પારણે ચોવિહાર છટ્ઠ કરવાપૂર્વક નવ્વાણું યાત્રા ચાલુ કરી ! અને પછી તો જાણે ચમત્કાર જ થયો. એક પછી એક રોગ મટવા માંડ્યા ! થોડા વખતમાં તો બધા જ રોગ મટી ગયા ! બે નવ્વાણું થઇ ગઇ ! આજે પણ એમની હાર્દિક ભાવના એ જ છે કે દાદાની ચોવિહાર છટ્ઠ સાથે નવ્વાણું યાત્રા ફરી ફરી કરું. **શત્રુંજયના આવા ઘણા ચમત્કાર હમણાં ૫૦-૬૦ વર્ષોમાં ઘણાંને થયા છે.** તમે પણ ભાવથી સિધ્ધગિરિની યાત્રા કરી હિત સાધો !

આજથી પ્રાયઃ ૧૧ વર્ષ પહેલાની સત્ય ઘટના કે આ જ સાધ્વીજીને વર્ષીતપ સાથે નવ્વાણું યાત્રા ચાલતી હતી. એક વાર કોણ જાણે કોઇ કર્મના ઉદયે ઘેટીની પાગ ઊતરતાં જ **૫૦ ફૂટની ઊંડી ખીણમાં આ સાધ્વીજી અચાનક પડી ગયાં !** જોનારને થયું કે હવે આ સાધ્વીજીના શરીરનું એક હાડકું પણ મળે નહીં. પણ દાદાની અસીમ કૃપા કે જાણે પડતાની સાથે જ ઝીલી લીધા ન હોય તેમ કાંઇ જ ન બન્યું ! **એમના હાથમાં તરપણી અને દાંડો પણ સહી-સલામત !** પાછા ચાલતા ઉપર દાદાના દર્શન કરી ડોળીનો ઉપયોગ કર્યા વગર નીચે ઊતર્યા !

૮ વર્ષ પહેલાં આ જ સાધ્વીજીને આંતરડામાં આંટી આવી ગઈ. ડૉક્ટરે કહ્યું કે હવે એમને મોઢેથી પાણી પણ નહીં અપાય. ત્રણ દિવસ સુધી ગ્લુકોઝના બાટલા ચઢાવ્યા. તો પણ સારું ન થયું. છેવટે ડૉક્ટરે કહ્યું કે હવે અમદાવાદ જઈ ઓપરેશન કરાવવું પડશે. ચાતુર્માસનો સમય હતો. નવપદની ઓળીનો પહેલો દિવસ હતો. એમના ગુરુજીએ એમને કહ્યું કે **તું નવપદની ઓળી કર.** સિધ્ધચક્રના પ્રભાવથી બધું જ સારું થઇ જશે ! સાધ્વીજીએ પણ શ્રદ્ધાથી ઓળી કરી ! ઓળીના પ્રભાવે ઓપરેશન ન કરાવવું પડ્યું. તપના પ્રભાવે ઓપરેશન વિના સારૂં થઇ ગયું ! શ્રી નવપદ શાશ્વત પર્વ છે. તેથી ભાવથી ઓળી કરનારને આજે પણ આવા પરચા સાક્ષાત્ અનુભવવા મળે છે.

## ૧૪. કાયોત્સર્ગથી શીલરક્ષા અને પ્રાણરક્ષા

વિ. સં. ૨૦૩૭ માં **પૂ. પંન્યાસ શ્રી હેમરત્નવિજયજી મ. (હાલ આચાર્ય) અંતરીક્ષજી તીર્થમાં** બિરાજમાન હતા. તીર્થરક્ષા માટે સમગ્ર જૈન સંઘમાં અપૂર્વ જાગૃતિ આવેલી. કોર્ટમાં એક **ધર્મશાળાનો ફેંસલો શ્વે. સંઘની તરફેણમાં આવતાં**

તે ધર્મશાળાનું દ્વાર ખોલીને **૩૦ જેટલા સાધ્વીજી મહારાજને ત્યાં ઉતારવામાં આવેલા.** દિગંબરભાઈઓ આ ધર્મશાળા ખાલી કરાવીને અન્યાયી કબજો લેવા માંગતા હતા. તેથી તેઓએ ૧૫-૨૦ ગુંડા રોકીને ધર્મશાળા પર પથ્થરમારો કરાવ્યો. પૂ.પં. હેમરત્નવિજયજી મ. ની સાથે તીર્થરક્ષાર્થે રોકાયેલા કેટલાંક યુવાનો તરત સ્થળ પર ધસી ગયા. પણ તેઓને લોહીલુહાણ કરી દેવામાં આવ્યા.

**પૂ.પં. શ્રીને ખબર પડતાં તેઓ સ્થળ પર પહોંચી ગયા** અને ધર્મશાળાનો મુખ્ય દરવાજો રોકીને ઉભા રહી ગયા. ગુંડાઓએ બારશાખ સાથે આખા દરવાજાને તોડી નાખ્યો - અને બધા અંદર દોડી આવ્યા. સાધ્વીજી મહારાજોને આગળના રૂમમાં ટ્રાન્સફર કરીને **પં.શ્રી રૂમના દરવાજે બે હાથ પહોળા કરીને દરવાજો રોકીને ઊભા રહી ગયા.** ગુંડાઓએ પૂ.પં. શ્રીને હટાવી દેવા લાકડીઓ વીંઝવાની શરૂઆત કરી. **વરસતી લાકડીઓની ઝડીઓ વચ્ચે પં.** શ્રી અણનમ ઉભા રહ્યા.

હવે અંતકાળ છે એમ સમજીને તેઓશ્રીએ તરત જ ચારે આહારનો ત્યાગ કરીને સાગારિક અનશનનો સ્વીકાર કરીને **કાઉસ્સગ્ગ અને નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ કરી દીધો. જાપ શરૂ થતાં જ એકાએક પોલીસવાન આવી પહોંચી. વ્હીસલ મારીને જાહેર કરવામાં આવ્યું કે 'જો નજરમેં આયેગા શૂટ હો જાયેગા.'** એક જ સેંકડમાં ગુંડાઓ સ્થળ છોડીને ઊભી પૂંછડીએ પાછલા દરવાજેથી ભાગી ગયા. મંત્રાધિરાજ અને કાયોત્સર્ગના પ્રભાવે **પ. શ્રીની પ્રાણરક્ષા અને સાધ્વીજીઓની શીલરક્ષા ચમત્કારીક રીતે થઈ જવા પામી હતી.'** અનેક શ્રાવકો આ ઘટનાના સાક્ષી છે. જાપ રોજ કરી, ધર્મ ખૂબ સેવી......... એવો આત્મસાત્ કરીએ કે કટોકટીમાં, ભયંકર આપત્તિમાં,

પરલોકગમનવેળાએ આ ધર્મ અને જાપ આપણા હોઠે અને હૈયે હોય, હોય ને હોય જ.

## ૧૫. શ્રી સીમંધરસ્વામીજીનો પ્રભાવ

શ્રી સીમંધર ભગવાનના અતિશયથી અત્યંત બીમાર પણ તદ્દન સાજા થઇ ગયા !!! વડોદરાના કમલાબહેન ખૂબ બીમાર થઇ ગયા. દવા ચાલુ રાખવા છતાં રોગ વધતો ગયો. તેમને તો એમ જ થઇ ગયું હતું કે હવે તો મૃત્યુ પાસે જ છે. પથારીમાંથી ઉઠાતું પણ ન હતું. સૂતા સૂતા માત્ર નવકાર ગણી શકતા હતા. સામે મોત જોઇ ડર લાગવા માંડ્યો કે હવે નક્કી દુર્ગતિમાં જવું પડશે, કારણ આરાધના તો કંઇ કરી નથી.

આ ટેન્શનમાં એક વાર ભાવના થઇ કે શ્રી સીમંધરસ્વામી ભગવાન તો અત્યારે પણ મહાવિદેહમાં છે, અને તેમના એવા મહાન અતિશયો છે કે ઘણાં બધાં લોકોના રોગનો નાશ થઇ જાય છે. આ વિચાર આવતા જ એમણે ભગવાનને ભાવથી પ્રાર્થના કરી કે " હે નાથ ! આપના અતિશય અહીં સુધી ફેલાવો અને મારો રોગ નાશ કરો." આ જ ભાવનામાં એ રમવા માંડ્યા ! આ ભાવથી મન પ્રસન્ન બની ગયું ! ઉંઘ આવી ગઇ !

હવે જુઓ ભગવાનનો ચમત્કાર ! બીજા દિવસે કમલાબહેન જાગ્યા ત્યારે તેમને સ્ફૂર્તિ લાગવા માંડી. સહેલાઇથી ઉભા થઇ શક્યા. મનમાં એમ થવા લાગ્યું કે હવે કોઇ તકલીફ નથી ! પછી તો તબીયત સુધરવા લાગી. અઠવાડિયામાં તો રોગ સંપૂર્ણ મટી ગયો !!! ભગવાનના અતિશય નરકમાં પણ કામ કરે છે, તો અહીં ભરત ક્ષેત્રમાં પ્રવર્તે તેમાં શું આશ્ચર્ય ! આ શ્રાવિકા રોજ ઉઠી શ્રી સીમંધર ભગવાનનું ચૈત્યવંદન ભાવથી કરતા હતા. પછી જ બધા કામ કરે. આમ શ્રદ્ધા ભક્તિવાળા ધર્મીને તરત લાભ થાય

એમાં શી નવાઈ ! સીમંધર ભગવાનનો પ્રભાવ અહીં પણ પહોંચે જ છે, એ શ્રદ્ધા રાખો. ચાતુર્માસમાં આ શ્રાવિકાની આરાધના અને ભક્તિ જોઇ હતી. (નામ બદલ્યાં છે)

આ સત્ય પ્રસંગ જાણ્યા પછી મેં પણ વિચાર્યું કે સવારે શ્રી સીમંધરસ્વામી ભગવાનનું ચૈત્યવંદન ખૂબ જ ભાવથી કરી આત્મહિત સાધવું. મારી એક વાત ખૂબ વિચારો. શ્રી સીમંધરસ્વામીનો અહીં આજે પણ ઘણો પ્રભાવ છે ! તેથી પૂર્વાચાર્ય ભગવંતોએ ધર્મી જીવોના હિત માટે સવારે પ્રતિક્રમણમાં જ સીમંધર ભગવાનનું ચૈત્યવંદન ગોઠવ્યું. તમે પ્રતિક્રમણ કરનારા આ ચૈત્યવંદનમાં વેઠ ન ઉતારતા, ગદગદ્ થઇ સામે ભગવાન બીરાજે છે એમ કલ્પના કરી ખૂબ ભાવથી ચૈત્યવંદન કરો. પ્રતિક્રમણ ન કરનારા પણ પાંચ મિનિટ આ ચૈત્યવંદન ભાવથી કરી વિશિષ્ટ લાભ મેળવો એ અંતરની અભિલાષા.

હે જૈનો ! તમે પણ આ વિચરતા સાક્ષાત્ શ્રી સીમંધર ભગવાનની ભક્તિ વગેરે ખૂબ શ્રદ્ધા અને ભાવથી કરી પવિત્રતા, શુભ પુણ્ય, નિર્જરા, સદ્ગતિ અને અંતે શિવગતિ આદિ આત્મિક લાભ પામો એ શુભેચ્છા.... ... ......

## ૧૬. સિદ્ધગિરિના અચિંત્ય પ્રભાવથી ગચ્છાધિપતિની પદવી

ઓહ ! અકથ્ય વેદના !

શું થશે ? મોત ?

ઠીક છે !!! **મરતાં પહેલાં શાશ્વત ગિરિરાજને સ્પર્શી લઉં તો કેવું સારૂં ? આ વિચાર ૧૮ વર્ષના યુવાનને આવે છે** અને એ દોડે છે-**પૌષધ લઈને છટ્ઠ કરીને સાત યાત્રા** કરવા માટે જ તો

! મુશ્કેલીથી યાત્રા કરી. યાત્રા પછી યાતના દૂર થઈ અને ધીરે ધીરે **ટી.બી. નો રોગ નિર્મૂળ થયો ! ૫૦ વર્ષ પહેલાંની આ સત્ય ઘટના છે.** ત્યારે ટી.બી. ની દવા પણ ન હતી. છતાં ભાવ ઔષધે આ કામ કર્યું. **પછી તો એ યુવાને નક્કી કર્યું, "જેણે આપ્યા પ્રાણ તેના ચરણે પ્રાણ."**

**મહાભિનિષ્ક્રમણનો** મનોરથ જાગ્યો. ભારે મહેનત કરી. પ.પૂ.આ.શ્રી નીતિસૂરિ મહારાજના સમુદાયના પ.પૂ. **મંગળવિજયજી** મ.સા. કે જેઓ 'ખાખી'ના ઉપનામે પ્રસિદ્ધ છે તેમની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી ! ને ગુણજ્ઞવિજયજી નામે સાધુ બન્યા.

અનંતાનંત સિદ્ધોની સાધકભૂમિ તથા અનંતા તીર્થંકરોની સમવસરણભૂમિ એવા સિદ્ધાચલે ચમત્કારનો વિક્રમ સર્જ્યો. તદ્દન રોગમુક્ત સાધુ રાગમુક્ત બનવાની સાધના કરે છે. અનન્ય ગુરુ-સમર્પણ, દેવાધિદેવની અપ્રતિમભક્તિ, કઠોર સંયમની પાલના વગેરેના પ્રતાપે મુનિરાજશ્રી ગુણજ્ઞવિજયજી મ.સા. પ.પૂ.આ.શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી બન્યા. આજે તો તેઓ ગચ્છાધિપતિ પદ પામ્યા છે. **પૂજ્યશ્રીએ છઠ્ઠ કરીને સાત યાત્રાને એક ગણીએ તેવી ૭ યાત્રા ૨૫૫ કરી છે !** તેમના ટૂંક પરિચયમાં આવનારને તેમની અપૂર્વ સાધના શક્તિનો પરિચય મળશે. વચનસિદ્ધ પૂ.શ્રીએ અનેક સંઘોમાં માર્ગદર્શન આપી કલ્યાણકારી કાર્યો કરાવ્યાં છે.

એક વખત **પાલીતાણામાં** તખતગઢની ધર્મશાળાના મંદિરમાં **પ્રતિષ્ઠા પ્રસંગે** અનેક ભાવિકો આવેલા. તેમાંથી બેંગલોર અને રાજસ્થાનના બે શ્રાવકોની મોટરકારને અકસ્માત થયો. એક **૧૬ વર્ષના કિશોરનું માથું છુંદાઈ ગયું.** આ અમંગળથી સહુ ધ્રુજી ઉઠ્યા. અરે, હવે શું થશે ? તરત જ સહુ

પૂ. આચાર્ય ભગવંત પાસે દોડી ગયા. ડૉક્ટર પાસે ટાંકા લેવડાવ્યા. **સાહેબજીએ માથે ઓઘો ફેરવી દીધો ને થોડી વારે કિશોર દોડતો થઈ ગયો !** આવા તો અનેક પ્રસંગો તેમના જીવનમાં થયા છે.

સંઘોની અંદર એકતા કરાવનારા અને સંયમચુસ્ત એવા પ.પૂ. આ.ભ. શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા. ને કોટિ વંદના. **છટ્ઠ કરી સાત યાત્રા કરવાનું તમને કેટલી વાર** મન થાય ? આ મહાત્માએ કેવો વિશ્વ રેકોર્ડ કર્યો કે છટ્ઠથી સાત યાત્રા !! અને તેવા છઠ્ઠ પણ ૨૫૦ થી વધુ !! **શ્રી આદિનાથ દાદાના અનન્ય ઉપકારને યાદ કરી** આ મહાત્મા વારંવાર પાલીતાણા પહોંચી યાત્રા કરે છે.

**આપણે પ્રાર્થીએ આ મહાપુરુષ અલ્પ કાળમાં અરિહંત બનીને સિદ્ધ બને અને અનેકને બનાવે.** આપણી આંખ સમક્ષ જ બનેલા આ પ્રસંગને જાણી આપણે **આપણા આત્માને જગાડવો જોઈએ.** તમે બધા પણ આવા અનંત કલ્યાણને કરનારા **આ આદિનાથ દાદાની અને પરમ તારક જિનશાસનની ખૂબ જ સેવા** ભાવ અને ઉમંગથી કરો. ધર્મથી અજાણ્યો યુવાન પણ આવી સાહસિક સાધના કરી શકે એ સત્યનું ઊંડું મનોમંથન કરીને તમે પણ શ્રદ્ધા અને વિશ્વાસ પેદા કરી કમસે કમ **યથાશક્તિ આદર્શ શ્રાવકપણું પાળવાનો** દૃઢ નિશ્ચય કરો એ શુભાભિલાષા.

## ૧૭. દાદાએ દીધો દીકરો

રાજેન્દ્રભાઈ લોઢા સ્થાનકવાસી સંપ્રદાયના હતા. સ્થાનકવાસી સંઘના અગ્રગણ્ય આગેવાન અને ધનિક પિતાના પુત્ર હતા.

**રાજેન્દ્રભાઈનાં લગ્ન શ્રી મણિલાલ કોઠારીની પુત્રી સાથે**

**થયાં.** પત્ની શ્વેતાંબર મૂર્તિપૂજક કુટુંબની સુસંસ્કારી અને શ્રદ્ધાળુ હતી. દામ્પત્યજીવન સુખી હતું. વર્ષો વીતતાં ગયાં. પણ **શેર માટીની ખોટ** હતી. કુટુંબ એક બાળક ઝંખતું હતું. પણ ઈચ્છા ફળતી ન હતી.

શ્વસુર પક્ષ તરફથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની યાત્રા માટે વારંવાર પ્રેરણા થતી પણ રાજેન્દ્રભાઇને શ્રદ્ધા ન હતી. એ સંમત થતા ન હતા.

અંતે વારંવાર આગ્રહને વશ થઈને **રાજેન્દ્રભાઈ સપરિવાર શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ ગયા.** પત્નીએ પતિને પ્રેરણા કરી કે સાચા દિલથી અને સંપૂર્ણ શ્રદ્ધા સાથે પ્રાર્થના કરો.

રાજેન્દ્રભાઈએ પ્રાર્થના કરી. પણ મનમાં ભાવ કંઈક અવિશ્વાસ અને અશ્રદ્ધાનો હતો. તેથી **પ્રભુને ઉદ્દેશીને બોલ્યા,"દીકરા માટે આવ્યા છીએ. બહુ દુઃખી છીએ. આપશો ને? પણ જો એ નહી મળે તો.....તો - ફરી ક્યારેય નહીં આવું"** મનમાં હતું કે બાળક માટે થાય એટલા ઉપાય ડૉક્ટરો પાસે કરાવ્યા છે. હવે ક્યાંથી થવાનું છે? પાર્શ્વનાથ દાદા દ્વારા ઈચ્છિત ફળ નહીં મળે તો શ્વસુર પક્ષ આપોઆપ ચૂપ થઇ જશે.

અને રાજેન્દ્રભાઇના આશ્ચર્ય વચ્ચે **માત્ર એક વર્ષમાં એમને ઘરે પારણું બંધાયું!** દીકરો જન્મ્યો અને ભગવાન પ્રત્યે દિલમાં દૃઢ શ્રદ્ધા થઇ ગઇ. **અવિશ્વાસ અને અશ્રદ્ધા સાથે બોલાયેલા શબ્દો માટે ખૂબ જ દુઃખ થયું.** રાજેન્દ્રભાઇ હવે **વારંવાર શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રાએ જાય છે.** ભાવથી ભક્તિ કરે છે.

આપણે સૌ એ દેવાધિદેવને બરાબર ઓળખીએ, એમનો પ્રભાવ પૂ. ગુરુદેવ પાસેથી જાણીએ અને **ભવોભવ એ દેવાધિદેવનાં ચરણોની સેવા મળે તે માટે શ્રદ્ધાપૂર્વક ભાવથી ભક્તિ કરીએ, અરિહંતપદ પ્રાપ્તિની અપેક્ષા સહ.....**

## ૧૮. જીનપૂજાથી શ્રીમંત

જયવંતા શ્રી જિનશાસનમાં આજે પણ કેવા ઉત્તમ શ્રાવક રત્નો મળે છે! શ્રી સિદ્ધાચલજીથી થોડે દૂર ટીમાણા નામનું ગામ છે. ત્યાં એક યુવાન દંપતિ રહેતા હતા. કારતકી પૂનમે પાલીતાણા યાત્રા કરવા ગયા. ધર્મપત્નીને દાદાની પહેલી પૂજા કરવાનો શુભ ભાવ થયો. પતિને વાત કરી. ૫૦૦ મણ સુધી પતિ ચડાવો બોલ્યો. પણ પાલીતાણામાં તો ભારતભરમાંથી હજારો યાત્રાળુ આવે. લાભ ન મળ્યો. પત્ની કહે કે આપણું પુણ્ય નથી. કાલે લાભ અપાવજો. બીજે દિવસે પણ ૫૦૦ મણ બોલવા છતાં ચડાવો ન મળ્યો. પત્નીએ નક્કી કર્યું કે રોજ આવવું. ક્યારેક તો લાભ મળશે. પણ આ શાશ્વત તીર્થમાં રોજ કોઇને કોઇ ભાવિક આવી જાય છે. અને વધુ ચડાવો બોલીને પૂજાનો લાભ લે છે. એમ પોષ વદ ૫ સુધી ૫૦૦ મણ બોલવા છતાં લાભ મળતો નથી. બેન રોજ રડે છે કે કેવા પાપ કર્યાં હશે. ઘણાં બધાં દિવસ થવા છતાં મારી ભાવના સફળ થતી નથી. પતિને તે કહે છે કે કોઇ પણ હિસાબે કાલે તો પૂજા કરવી જ છે. યુવાને પણ મૂડી વગેરે ભેગી કરીને નક્કી કર્યું કે ૧૫૦૦ મણ સુધી બોલીને પણ શ્રાવિકાની શુભ ભાવના પૂરી કરવી. છઠના દિવસે ઉપર પહોંચ્યા. ચડાવો બોલાવા માંડ્યો. તે દિવસે પણ એક સંઘ આવેલો. સંઘપતિએ પણ પહેલી પૂજા કરવાનું નક્કી કરેલું. ક્રમશઃ તે ૧૫૫૧ મણ બોલ્યા. ચડાવો તેમને મળ્યો. પત્ની પતિને પ્રાર્થના કરે છે કે આ શેઠને વિનંતિ કરો કે મને પહેલી પૂજા કરાવે. યુવાન કહે છે કે ઘી એમનું છે. આપણે કેવી રીતે કહેવાય ? પણ પત્ની માનતી નથી. અતિ આગ્રહને કારણે યુવાને સંઘપતિને પ્રાર્થના કરી કે કૃપા કરી મારી પત્નીની ઘણા દિવસોની ઈચ્છા પૂર્ણ કરાવો... બધી વાત કરી. એટલામાં પત્ની ત્યાં દોડતા

આવી સંઘપતિને હાથ જોડી કહે છે કે શેઠજી ! આપ કહો તે કરીશ પણ આજે પહેલી પૂજા મને કરવા દો....

શેઠે કહ્યું કે એક શરતે હા પાડું. યુવાન કહે કે અમે સામાન્ય માણસો છીએ. અમારી શક્તિ હશે તો શરત પૂર્ણ કરીશું. શેઠે કહ્યું કે જાવજજીવ બ્રહ્મચર્ય વ્રત લો તો લાભ તમને આપું. યુવાન વિચારમાં પડી ગયો. પણ પત્નીને પૂજાનો જોરદાર ભાવ. પતિને વિનંતી કરી કે તમે હા પાડી દો. ભાગ્યશાળીઓ ! જુવો કે કેવી શ્રાવિકા કે પૂજાનો લાભ લેવા ભરયુવાનીમાં ચોથું વ્રત લેવા તૈયાર થઇ ગયા! અને પતિને પણ ખૂબ આગ્રહ કરે છે. પત્નીની અતિ આજીજીને કારણે પતિ સંમત થયો. દાદા પાસે દંપતિએ અભિગ્રહ લીધો.

હવે શેઠ કહે છે કે હવે તમે પૂજા કરો પણ મારી તમને એક પ્રાર્થના છે. યુવાન કહે છે કે આટલું કઠિન વ્રત સ્વીકાર્યું, હવે પાછું શું બાકી રહ્યું છે? ત્યારે શેઠે કહ્યું કે પહેલી પૂજાની મારી ઇચ્છા હતી. તેથી સોનાની વાડકી અને થાળી બનાવરાવી સાથે લાવ્યો છું. તેનાથી પૂજા કરો. પત્ની કહે કે મારી શરત સ્વીકારો તો તમારી થાળી વાડકીથી પૂજા કરું. શેઠ ચિંતામાં પડ્યા. પણ થાળી વાડકીથી પૂજાનો લાભ લેવો હતો. તેથી તે બહેનની ઇચ્છા પૂછી. બહેને કહ્યું કે સંઘ સાથે મારા ઘરે પગલા કરો, તો તમારી વાડકીથી પૂજા કરું! લાભ લેવા શેઠે હા પાડી. બહેને ખૂબ ભાવથી શ્રી આદિનાથજીની પૂજા કરી.

સંઘ પધારવાનો છે તેથી શ્રાવિકા ઘરે જાય છે. આંગણામાં ગાય કૂદવા માંડી. પત્નીના કહેવાથી પતિ ત્યાં ગયો. ખીલો ઉખડી ગયો, ને ત્યાં કોઇ વસ્તુ ચમકે છે. તપાસ કરતાં જમીનમાંથી ચરુ નીકળ્યો ! યુવાનને થયું કે આ ઘરમાં વર્ષોથી રહીએ છીએ. આ ચરુ ક્યાંથી આવ્યો ? ખૂબ ઉદાર ભાવે સંઘના

પગલાં કરાવ્યાં. પછી આણંદજી કલ્યાણજી પેઢીમાં જઈને કહે છે કે પૂજાના ચડાવાના પૈસા લો. મુનિમે કહ્યું કે પૈસા ભરાઈ ગયા છે. દંપતિએ કહ્યું કે પૂજા અમે કરી છે. તમારે પૈસા લેવા પડશે. મુનિમે કહ્યું કે સંઘપતિ શેઠ પૈસા ચૂકવી ગયા છે. હવે નહીં લેવાય. બહેન કહે છે કે પૈસા નહીં લો ત્યાં સુધી અહીંથી ઊઠીશું નહિ અને ખાવું પીવું બંધ. મુનિમે આગેવાનોને બોલાવ્યા. બ્હેનનો અતિ આગ્રહ જોઈ પૈસા લીધા. પેઢીના ઇતિહાસમાં એક જ ચડાવાના ડબલ પૈસા આ એક જ પ્રસંગે લેવાયા છે. લગભગ ૮૫ વર્ષ પહેલાની આ સત્ય ઘટના છે. બહેનના ઊછળતા શુભ ભાવથી પુણ્ય વધી ગયું. ચરુ મળ્યો અને અનંતા કર્મો ખપાવી દીધા હશે. ભાગ્યશાળીઓ! તમે પૂજા વગેરે ધર્મ ખૂબ ભાવથી વિધિપૂર્વક કરી ખૂબ આત્મહિત સાધો. જીવનભર બ્રહ્મચર્યપાલન વગેરે કઠિન કામ આપણે કદાચ ન કરી શકીએ તો પણ આવી રીતે શુભ મનોરથ કરીએ અને આપણી શક્તિ પ્રમાણે મહાન લાભ લઈએ એ શુભેચ્છા.

## ૧૯. પરિગ્રહ-પરિમાણ વ્રતે ચમત્કાર કર્યો

ગુજરાતના એક ગામના એ ભાઈને આપણે પ્રવીણભાઈ તરીકે ઓળખીશું. **કરિયાણાનો વેપાર કરતા હતા.** ધંધો ચાલતો ન હતો. દેવું થવા માંડ્યું. ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજ શ્રી અભ્યુદયસાગર મ. આદિને વંદન કરવા ગયેલા. **મહારાજશ્રીએ પરિગ્રહ પરિમાણવ્રતની પ્રેરણા કરી.** ધર્મપ્રેમી અને સાધુ પર શ્રદ્ધાવાળા તે વિચારે છે કે ધન તો છે નહિ અને મળે તેમ લાગતું નથી. તો ચાલો લાભ લઈ લઉં. **૨૫ વર્ષની ભર યુવાનવયે એક લાખનો નિયમ માંગ્યો !** આ ભાવનાશીલ શ્રાવકનો નિયમ સારી રીતે પળાય તે માટે પૂ. શ્રીએ પાંચ લાખનો નિયમ આપ્યો. પછી **દેવું વધી જતાં પ્રવીણભાઈએ ગામ છોડ્યું.** છોડતાં

પહેલા પિતરાઈ ભાઈનું લગભગ અઢાર હજારનું દેવું હતું. પ્રવીણભાઈએ કહ્યું, ''ભાઈ ! મારું મકાન તમારા નામે કરી દઉં છું.'' લાગણીવાળા ભાઈએ ના પાડતાં કહ્યું, ''હું ક્યાં પૈસા માંગુ છું ? તું કમાય ત્યારે નિરાંતે આપજે. ચિંતા જરા પણ ન કરીશ !'' ૨૦ વર્ષ પહેલાં વતન છોડી તેઓ શહેરમાં રહેવા લાગ્યા. નાની ખોલીમાં છ-સાત જણા રહે. દિવસો જેમ તેમ વિતાવે. સીઝનમાં અનાજનો નાનો વેપાર કરે. પર્યુષણમાં દેરાસરનાં અષ્ટ પ્રકારી પૂજાની બોલી ચાલતી હતી. પ્રવીણભાઈને ભાવ આવી ગયો. દાદાની પૂજામાં પોતાનું પણ કંઈક સમર્પણ કરવાની ઇચ્છાથી **કેશરપૂજા અને દીપકપૂજા એમ બે બોલીનો ૨૫૦૦ મણમાં લાભ લીધો !** પછી ટ્રસ્ટીને હકીકત જણાવી કહ્યું, ''બે માસમાં રકમ ભરી દઈશ. કમાણી નહિ થાય તો થોડું સોનું છે તે મૂકી જઈશ. અને વ્યાજ સાથે રકમ ચૂકવી દઈશ.'' આમના ઉત્તમ ભાવ જાણી ઉદાર ટ્રસ્ટીઓએ વિનંતી સ્વીકારી. આમ લાભ મળવાથી પ્રવીણભાઈને અનહદ આનંદ થયો. **દેરાસરમાં દીપકની રોશની કરે તેના જીવનની રોશનીનો ઝગમગાટ કેમ ન થાય ?**

**થોડા જ દિવસમાં એક ભાઈએ ઓટોમોબાઈલ્સના ધંધામાં ભાગીદાર થવા ઓફર કરી !** આવેલ તક વધાવી લીધી. પ્રવીણભાઈ માત્ર વર્કીંગ પાર્ટનર. પૈસા બધા પેલા ભાઈના. **ધર્મપ્રભાવે કમાણી થવા માંડી.** પ્રવીણભાઈની ધર્મશ્રધ્ધા અને પ્રમાણિકતાને કારણે ધંધો ખૂબ જામ્યો. રૂપિયા સાડા ત્રણ લાખનું મકાન લીધું. પરિગ્રહ પરિમાણ વ્રત કેવી રીતે લીધેલું તે યાદ ન આવવાથી મહારાજશ્રીને મળીને પૂછ્યું. તેઓશ્રીએ કહ્યું, ''પાંચ લાખમાં મકાન અને બધું જ ગણવાનું.'' પ્રવીણભાઈએ વિચાર્યું કે જે ધર્મે મારી આટલી ઉન્નતિ કરી તેની સાથે

વિશ્વાસઘાત કરવો નથી ! હવે કમાવું નથી !! **૫ લાખથી વધારે જે કમાણી થઈ છે તે ધર્મમાં વાપરી નાખવી છે !!!** પ્રવીણભાઈએ દુકાનમાંથી ભાગીદારી કાઢી નાખી. દોઢ લાખ ધર્મપત્નીના નામે મુક્યા. પરિગ્રહ પરિમાણથી ઉપરની રકમનું વ્યાજ ધર્મક્ષેત્રે તેઓ અવસરે અવસરે **ઉદારતાથી દાન કરે છે.** વતનમાં સાધુ સાધ્વી ભગવંતોને માટે તેમના તરફથી ભાઈઓ સાથે ભાગીદારીમાં આજે પણ રસોડું ચાલે છે. **પોતે વિશેષ આરાધના કરી રહ્યા છે.**

**શ્રી વાસુપૂજ્ય ભગવાને દેશનામાં ફરમાવ્યું હતું, "પરિગ્રહ પરિમાણ** વ્રત દરેક શ્રાવકે લેવુ જોઈએ. તેના પ્રભાવે વિદ્યાપતિ શેઠને ગયેલી લક્ષ્મી અનેક ગણી થઈને પાછી મળી, રાજા પણ બન્યા !" તમે બધા પણ આત્મહિતાર્થે આ વ્રતથી આત્માને શણગારી અનાદિના ધનના લોભ પર વિજય મેળવી સર્વત્ર સુખ પામો એ જ શુભાભિલાષા.

## ૨૦. ધર્મપ્રભાવે અદ્રશ્ય સહાય મળી !

મદ્રાસની **વિમલાકુમારીની દીક્ષા સાડા આઠ વર્ષની ઉંમરે** વિ.સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૪ ના શુભ દિવસે નક્કી થઈ. તેમના પિતા ધરમચંદની સ્થિતિ સામાન્ય. દીક્ષા પૂર્વે રૂ. વીસ હજાર તેમની પાસે હતા. દીક્ષા ઉલ્લાસથી અપાવી. વધેલી રકમ ગણી. પૂરા ૨૦૦૦૦ હતા ! **દીક્ષામાં વપરાયેલી રકમ ધર્મના પ્રભાવે પાછી મળી ગઈ.** આ પુણ્યશાળી સાધ્વીજી આજે પણ દીક્ષા પાળે છે.

**તેમના બેન અનિતાબેનની દીક્ષા ૪૮ના ચૈત્ર વદ ૩ના** હતી. તે પૂર્વે ધરમચંદજી પોતાના દેશ ભીનમાલ ગયા. ધર્મરાગી ધરમચંદજીને ઉલ્લાસ આવી જવાથી **નવકારશીનો ચડાવો લીધો. પોતાની સ્થિતિ સામાન્ય.** આટલા રૂપિયા લાવવા ક્યાંથી ?

નવકારશી પૂર્વે દેશમાં જતાં ગાડીમાં ધરમચંદજીએ **ભ.શ્રી આદીશ્વરજી અને શ્રી પાર્શ્વનાથજીને પ્રાર્થના કરી કે આ પ્રસંગ તમે પાર પાડો.** અને એવો ચમત્કાર થયો કે નવકારશીના ૧૦ દિવસ પહેલાં **એક ભાઈ આવીને ધરમચંદજીને ૨ લાખ રૂપિયા આપી ગયા !** પ્રસંગ સારી રીતે પતી ગયો. પછી તો **ધર્મપ્રભાવે ધરમચંદજી પાસે પૈસો ઘણો થઈ ગયો !** પેલા ભાગ્યશાળીને ૨ લાખ આપવા માંડ્યા. પણ તે લેતા નથી. ઘણું કહ્યું પણ તે માન્યા નહીં. હે પુણ્યશાળીઓ ! તમને પણ આવો મહાન ધર્મ અનંત પુણ્યે મળ્યો છે. તમારે પણ સાચા દિલથી ધર્મ કરવો જોઈએ જેથી તમારું પણ ખૂબ આત્મહિત થાય.

## ૨૧. પ્રભુભક્તિથી દીક્ષા મળી

આ પુસ્તકોની બધી ઘટના સત્ય છે. નામ બદલ્યું છે.

**''પ્રભુની ભક્તિ હજુ વધુ ને વધુ ભાવથી, એકાગ્રતાથી રોજ-રોજ કરો. તમારી શ્રેષ્ઠ ભાવના જરૂર ફળશે !''** વિદ્વાન પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મ. સાહેબે મુંબઈના ઘાટકોપરના 'ધર્મરુચિ' નામના શ્રાવકને સચોટ ઉપાય બતાવ્યો. ધર્મરૂચિ ૪-૫ વર્ષથી ધર્મમાં જોડાયેલા. આરાધના વધારતા હવે દીક્ષાની ભાવના થવા માંડી. શ્રાવિકા પણ જયણા વગેરે સુંદર પાળતા; પણ તે શ્રાવકને કહેતાં, ''દીક્ષાનું મને મન થતું નથી.''

ધર્મરુચિએ ભાવભક્તિ સાથે પ્રભુજીને રોજ ગદ્ગદ્ હૈયે પ્રાર્થના કરવા માંડી, ''હે કરુણાનિધિ ! શ્રાવિકાને કારણે મારી પણ દીક્ષાની ભાવના સફળ થતી નથી. **અમને આપના પ્રભાવથી દીક્ષા શીઘ્ર મળો !''** શ્રાવિકાને કોણ સાચવે ? એ ચિંતાથી પોતે મનમાં નક્કી કરેલું કે શ્રાવિકા તૈયાર થાય તો જ બંનેએ સાથે દીક્ષા લેવી. દીક્ષાની ભાવના પાકી. તેથી પત્નીની દીક્ષા માટે પ્રયાસ કરતા ! પૂજ્યોને પણ વિનંતી કરે કે શ્રાવિકાને

સમજાવો. આમ અંતે પૂ. આ. શ્રી પાસેથી એક અફલાતૂન રસ્તો મળી ગયો.

અને વિશિષ્ટ ભાવ અને વિધિપૂર્વક ભક્તિ ખૂબ કરવા માંડી. **માત્ર છ જ માસમાં શ્રીમતીજીએ સામેથી ધર્મરુચિને કહ્યું** કે મને દીક્ષાના ભાવ થાય છે. આપણે બંને સાથે દીક્ષા લઈએ ! ગુરુદેવને મળ્યા, તૈયારી કરી. બધું પતાવી સજોડે ૩ વર્ષ પહેલાં તેમની દીક્ષા થઈ ગઈ અને ઉદારતા એવી કે દીક્ષા પહેલાં પણ ઘણા ધર્મકાર્યો સાથે મુંબઈના એક દેરાસરને ૨૧ લાખ જમીનખર્ચ પેટે અને અન્ય ખર્ચ પેટે ૧ લાખ રોકડા આપ્યા !!!

## ૨૨. આદિનાથના જાપથી યાત્રા થઇ !

**પ્રેમજીભાઈ** એમનું નામ. આર્થિક સ્થિતિ બહુ સારી નહિ. જીવનવ્યવહાર નભે તેટલી જ આવક. યાત્રાએ જવાની શક્યતા નહીં.

શ્રી પ્રેમજીભાઈના ૮૦ વર્ષના **વૃદ્ધ માતુશ્રીને** જીવનમાં એકવાર શ્રી **શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ખૂબ જ ભાવના.** ઘણાં વર્ષથી ભાવના ભાવ્યા કરે. ક્યારેક તો ફળશે જ એવી શ્રદ્ધા. પ્રેમજીભાઈ પણ માને યાત્રા કરાવવા ખૂબ જ આતુર. અંતરની **ભાવના ફળી.** નાણાંકીય થોડી સગવડ થતાં પ્રેમજીભાઈ મા અને બહેનને લઈ **પાલિતાણા** ગયા. નરશી નાથાની ધર્મશાળામાં ઊતર્યા. અચાનક પ્રેમજીભાઈનો પગ દોરીમાં ભરાઇ ગયો, અને તે **પડ્યા**, વાગ્યું અને **પગ સૂજીને થાંભલા જેવો થઈ ગયો.** ડૉક્ટરને બતાવ્યું. સલાહ મળી કે ૧૫-૨૦ દિવસ પૂર્ણ આરામ કરવો પડશે. ત્યાં સુધી ચાલવાથી વધારે નુક્શાન થશે.

પ્રેમજીભાઇએ માતાને અને બહેનને યાત્રા કરી આવવા સમજાવવા પ્રયત્ન કર્યો. પણ **દીકરાને મૂકીને મા કેવી રીતે યાત્રા**

**કરવા જાય ?** મા એ મક્કમતાથી કહ્યું,''જાત્રા કરશું તો ત્રણે સાથે કરશું, નહીં તો અહીં સુધી આવ્યાનો સંતોષ માનીશ. તને મૂકીને હું કેવી રીતે જાત્રા કરું ?''

રાત્રે સૂતાં સૂતાં પ્રેમજીભાઇ વિચારતા હતા,''જીવનમાં **પહેલી જ જાત્રા થવાની હતી તે પણ મા નહીં કરી શકે ?** કેવું નસીબ ? તળાવે આવ્યા ને તરસ્યા જવું પડશે.'' મનમાં ખૂબ જ દુઃખ થયું. **તીર્થાધિપતિ આદીશ્વર પ્રભુને તથા કપર્દી યક્ષને યાદ કરી ગદ્‌ગદ્‌ ભાવે પ્રાર્થના કરી,**''મારી મા ને આ પહેલી અને છેલ્લી યાત્રા છે. હે સમર્થ દેવ ! એની ઇચ્છા પૂર્ણ કર.'' બધા શાસનદેવોને પણ પ્રાર્થના કરી અને **નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં ઊંઘી ગયા.**

આશ્ચર્ય સર્જાયું **! સવારે પગનું દર્દ ગાયબ !** ચાલી શકાતું હતું. અને **યાત્રા કરવા ગયા.** સરળતાથી ચઢી શકાયું. રસ્તે ચાલતાં એક પૂ. બાલમુનિ મલ્યા. તેમને વિનંતી કરી,''અમે અજાણ્યા છીએ. બધે દર્શન કરવા છે.'' અને પૂ. બાલમુનિએ સાથે ફરીને, બધું સમજાવીને વિધિપૂર્વક સુંદર યાત્રા કરાવી.

યાત્રા પૂર્ણ કરીને ધર્મશાળાએ આવ્યા ત્યારે સોજો ચઢી ગયો હતો. ફરી હતું એમને એમ. પણ **માને યાત્રા કરાવ્યાનો આનંદ અનહદ હતો.** મુંબઇ પાછા આવ્યા. અને ધીમે ધીમે પગનું દર્દ મટી ગયું. આજે ય ક્યારેક પ્રેમજીભાઇ એ પ્રસંગ યાદ કરી પ્રભુના પ્રભાવને યાદ કરી મનોમન એને વંદી રહે છે.

હે ધર્મપ્રેમીઓ **! આ છે ધર્મની શ્રદ્ધાનો પ્રભાવ !** નાના મોટા **હતાશાના પ્રસંગે નિરાશ ન બનતાં હૃદયપૂર્વક દેવોને પ્રાર્થના કરો, મહાન નવકારમંત્રનું સ્મરણ કરો** તો તમને જરૂર આવા કળિયુગમાં પણ એનો પરચો અનુભવવા મળશે. સાચી

શ્રદ્ધા ક્યારેય કોઈની પણ એળે જતી નથી. **તમે પણ આ શાશ્વત તીર્થની આશાતનારહિત ભાવસહિત યાત્રા કરો.**

## ૨૩. પ્રભુના સ્મરણે કસ્ટમમાંથી છોડાવ્યા

અમદાવાદના **જીતુભાઈ** થોડા વર્ષ પહેલાં **અમેરિકા** ગયા. સાથે ૧૫૦ જોડ રેડીમેડ કપડાં લઈ ગયેલા. એરપોર્ટ પર કસ્ટમવાળાએ તપાસતાં આ ૧૫૦ જોડની **કસ્ટમ માંગી.** તેમણે કહ્યું,'હું તો ફરવા આવ્યો છું, વેપાર માટે નહીં. કસ્ટમ **નહીં આપું.'** તેમને **કસ્ટડીમાં ગોંધી દીધા.** તેમને ખૂબ ચિંતા થઈ કે અહીં મને કોણ બચાવશે ? આપત્તિથી બચવા **શ્રદ્ધાપૂર્વક ભગવાનનો જાપ કરવા લાગ્યા.** કસ્ટડી પાસે કોઈ ન આવે છતાં **૧૦ મિનિટ પછી એક યુવતી ત્યાં દેખાઈ ! વિના બોલાવ્યે જિતુભાઈ પાસે આવીને તેણે પુછયું,** "What is the problem ?" **જિતુભાઈએ બધી વાત કરી.** તે કહે,'તમે ૫૦ ડોલર કસ્ટમ ભરી દો. છોડાવી દઉં.' જિતુભાઈએ હા પાડી. તે જઈને કસ્ટમવાળાને લઈ આવી. જિતુભાઈએ ૫૦ ડોલર આપી દીધા. **કસ્ટમવાળાએ છોડી દીધા.** પછી પેલી યુવતી અલોપ થઈ ગઈ ! પરદેશમાં જિતુભાઈ કોણ જાણે કેટલો સમય હેરાન થાત. પણ હે જૈનો ! આપણને કેવો મહાન ધર્મ મળી ગયો છે કે **પ્રભુના નામ, જાપ અને પ્રભાવ પરદેશમાં પણ ગમે તેવી ભયંકર આફતોમાંથી ઉગારી દે !** આ ધર્મ યથાશક્તિ સદા કરતા રહો જેથી કોઈપણ આપત્તિ આવી પડે તો આ ધર્મ તમારો ચમત્કારિક બચાવ કરી આપે.

કહ્યું પણ છે કે - ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।

અર્થ : જે ધર્મની આપણે રક્ષા કરીએ છીએ, તે રક્ષા કરાયેલો **ધર્મ આપણી રક્ષા કરે છે.** માટે ધર્મની રક્ષા કરવી.

## ૨૪. સિદ્ધગિરીના પ્રભાવે રોગ ગાયબ

મદ્રાસના સુશ્રાવક ધરમચંદજીને **૨૦ વર્ષ પહેલાં ઢીંચણે અને કમરે દર્દ થયું.** ચાલતાં તકલીફ ખૂબ થાય. નીચા નમીને ચાલવું પડે. આટલી ભયંકર તકલીફ છતાં ચાલીને શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવાની જોરદાર ઇચ્છા! તેથી **સિદ્ધગિરિની યાત્રા કરવી એવો સંકલ્પ કર્યો.** ૬-૭ મહિને યાત્રા કરવા ગયા. ડૉક્ટરે ઇન્જેક્શન લેવાનું કહ્યું. પણ ના લીધું. ભ.શ્રી આદીશ્વરજી પ્રત્યે પૂરી શ્રદ્ધા. સમર્થ મારા પ્રભુની કૃપાથી ચોક્કસ ચાલીને યાત્રા થશે જ એવો હૈયામાં વિશ્વાસ. **તળેટી પહોંચતા બધું દર્દ અને રોગ મટી ગયાં! યાત્રા ખૂબ સારી રીતે કરી આવ્યા. યાત્રા પછી તો દર્દ સંપૂર્ણ મટી ગયું! પછી આજ સુધી તે રોગ થયો નથી!** શુભ સંકલ્પનો કેવો પ્રભાવ! શ્રી શાશ્વતા તીર્થાધિરાજનો આ અચિંત્ય પ્રભાવ તથા યાત્રાનો અનંત લાભ વિચારી તમે પણ યાત્રા ભાવથી કરો એ શુભેચ્છા ! કહ્યું છે કે- જિમ જિમ એ ગિરિ ભેટીએ રે,

તિમ તિમ પાપ પલાય સલુણા.

આ ધરમચંદજીએ ક્યારેય દવા લીધી નથી! તાવ વગેરે **બિમારી આવે ત્યારે દવા ન કરે પરંતુ અઠ્ઠમ કરે! અને રોગ મટી જાય!** ધર્મ પર કેવી જોરદાર શ્રદ્ધા! કહ્યું પણ છે ને કે ધર્મથી પાપ ઠેલાય. ધર્મથી-સત્કાર્યથી પાપ-અશુભ કર્મ નાશ પામે છે.

## ૨૫. ધર્મે મરતા બચાવ્યા

''नीचे उतरो ! यह तुम्हारी गाडी नहीं है !'' ''लेकिन भैया ! मेरे पास टिकिट तो है ! और यही गाडी विजयवाडाकी है !''

આમ વારંવાર કહેવા છતાં કુલી જેવા લાગતા પેલા માણસે આમનો સામાન બહાર મૂકવા માંડ્યો. રિખવચંદજીએ પણ ડબ્બાની બહાર નીકળી પોતાનો સામાન સંભાળી લીધો. ફરી

અંદર જાય તે પહેલાં તો ટ્રેઈન ઉપડી !

રિખવચંદજીએ વિચાર્યું કે હવે વિજયવાડા કાલે જઈશ. તેમને મહત્વના કામે તાત્કાલિક વિજયવાડા જવાનું હતું. પણ કુલીએ ટ્રેન ચુકાવી દીધી. વિચાર્યું કે હવે કેસરવાડી દાદાની પૂજા, ભક્તિ કરી પછી ઘરે જઈશ. રસ્તામાં યાદ આવ્યું કે આજે પોતાને મદ્રાસની બહાર ન જવાનો નિયમ હતો. ઓચિંતું તાકીદનું કામ વિજયવાડાનું આવી જતાં પોતે નીકળી પડયા. પણ કૂલીએ ઉતારી દીધો તે સારું થયું, નહીં તો ભૂલથી મારો નિયમ ભાંગત.

રિખવચંદભાઈ ખૂબ ધર્મિષ્ઠ હતા. મદ્રાસના પ્રસિદ્ધ શ્રાવક હતા. નવકારજાપ વગેરે ધર્મ ખૂબ કરતા. સરળ અને શાંત હતા. કેસરવાડીમાં ભાવથી ભક્તિ કરી ઘરે પહોંચ્યા. ત્યારે ઘરમાં તો રોકકળ અને શોક હતો. તેમને જોઈ ઘરવાળાં બોલ્યાંઃ "તમે આવી ગયા ? બહુ સારું થયું. અમે તો તમારી ચિંતા કરતા હતા."

કેમ શું થયું ? એમ રિખવચંદજીએ પૂછતાં ઘરનાએ કહ્યું, "તમારી ટ્રેનને ભયંકર અકસ્માત થયો એ સમાચાર મળ્યા. ઘણા બધા મરી ગયા; થોડા જ બચ્યા છે. તમે કેવી રીતે બચ્યા ?" સાંભળી રિખવચંદજીને બધો ખ્યાલ આવી ગયો. બનેલી હકીકત ઘરનાંને કહી ત્યારે **બધાં સમજી ગયાં કે નક્કી ખૂબ ધર્મી હોવાથી રિખવચંદજીને કોઈ દેવે માનવ રૂપે આવી ઉતારી મૂક્યા !!** નહીંતર ટિકિટ હોય પછી ટી. સી. પણ ન ઉતારે, કુલી તો કોઈને પણ ન ઉતારે. આવા કલિકાળમાં પણ ધર્મ કેવી અદ્‌ભૂત સહાય કરે છે એ વિચારતા રિખવચંદજી અને ઘણાંની શ્રદ્ધા ખૂબ વધી ગઈ.

આવા મહિમાવંતા ધર્મની શ્રદ્ધા અને આરાધના તમે બધાં પણ ખૂબ ખૂબ કરો, જે તમને સર્વને સુખ અને શાંતિ આપે !

## ૨૬. માંગલિકનો ચમત્કાર

માંગલિક સાંભળવાથી એક ગરીબ શ્રાવક ખૂબ શ્રીમંત થઈ ગયો ! આ વર્તમાનનો સત્ય ચમત્કાર વાંચી તમે બધા શ્રધ્ધા અને આદરપૂર્વક નૂતન વર્ષે માંગલિક શ્રી ગુરૂમુખે શ્રવણ કરી આત્મિક આનંદ, શાંતિ મેળવવા નિર્ણય કરશો. સોનગઢમાં આશ્રમમાં ચારિત્રવિજય મહારાજ હતા. દેવકરણ નામના એક નિર્ધન શ્રાવક તે મહાત્મા તથા આશ્રમની દિલ દઇ સેવા કરતાં ! તેમની નિઃસ્વાર્થ સેવાથી ખૂશ થઇ તેમને સુખી બનાવવા મહાત્માએ એક દિવસ દેવકરણને બોલાવી કહ્યું, "દેવકરણ ! કાલે વહેલી પરોઢે આવજે. માગંલિક સંભળાવીશ !! તને ખૂબ લાભ થશે." એ તો રાજી રાજી થઇ ગયો.

પરોઢિયે કોઇ આવ્યું. ચારિત્રવિજય મહારાજે પૂછ્યું, "કોણ ?" આવનારે કહ્યું, "હું." દેવકરણભાઈ અંધારાને કારણે દેખાતું નહતું. પરંતુ મહારાજશ્રીએ કાલે કરેલી વાત પ્રમાણે એ જ છે એમ વિચારી માંગલિક સંભળાવ્યું. પછી કહ્યું, "તારો બેડો પાર થઇ જશે" આવનારને આશ્ચર્ય થયું બનેલું એવું કે, આ દેવકરણ તો બીજો કોઇ અજાણ્યો હતો. અહીં આવવાનું થયું તેથી મહારાજશ્રીને ભક્તિભાવથી વંદન કરેલા ! પરંતુ અંધારામાં ન ઓળખાવાથી સમજફેરથી મહારાજશ્રી પાસે આના ભાગ્યોદયે માંગલિક સાંભળવા મળી ગયું !!

મહારાજશ્રીના ભાવભર્યા આશીર્વાદથી આ તો રાજી રાજી થઇ ગયો. આશિષ મેળવી એ ગયો. થોડી વારે બીજા એક શ્રાવક મહારાજશ્રી પાસે આવી કહે, " પૂજ્યશ્રી ! હુ દેવકરણ. કાલે આપે પરોઢિયે આવવા કહેલું તેથી આવી ગયો છું." "અરે દેવકરણ ! તુ હમણાં આવ્યો ? થોડીવાર પહેલાં બીજા એક દેવકરણ આવેલા. મને એમ કે તે તું હતો. એને માંગલિક સંભળાવી દીધું."

"સાહેબજી ! સમજફેર થઇ ગઇ" "ભાઇ ! મને ઓછું દેખાય છે. અંધારામાં ગોટાળો વળ્યો. જેવી ભવિતવ્યતા. એના ભાગ્યે એ માંગલિક પામી ગયો ! એને ઘણો લાભ થશે ! મારે તો તારી ભક્તિથી તને સુખી બનાવવો હતો. પરંતુ તારું ભાગ્ય નહીં હોય. કાંઇ નહીં. હવે એને શોધી તુ અહીં બોલાવ." શોધીને લાવ્યો. પૂ. શ્રીએ પરિગ્રહ પ્રત લેવા કહ્યું, પેલો દેવકરણ કહે, "ગુરૂદેવ ! હું અભણ ફેરિયો છું. મારા ભાગ્યમાં વળી ધન ક્યાંથી હોય ?" મહારાજશ્રી "પુણ્યોદયે તને મળશે. પણ તારી ઈચ્છા કેટલાની છે ?" એણે કીધું, "સાહેબજી ! ૧૦ હજાર મળી જાય તો ઘણું ઘણું" "હજુ વધુ માંગ" ગભરાતાં તે બોલ્યો, "એક લાખ" જા મળશે. પણ તેથી વધુ જેટલાં મળે તેટલાં ધર્મમાં વાપરવાનો નિયમ લે !" પેલાને આ અશક્ય જ લાગતું હતું. તેણે તો તરત જ તે સ્વીકારી લીધો !

પરંતુ વર્ષો પછી તે તો દેવકરણ શેઠ બની ગયા. એક વાર પત્ની પૂતળીબાઈ સાથે પાલીતાણા યાત્રાએ નીકળ્યા. રસ્તામાં સોનગઢ પાસે મોટરમાંથી સોનગઢ આશ્રમ જોયો. જોતાં વર્ષો પહેલાં મહારાજશ્રી પાસે સાંભળેલ માંગલિક અને લીધેલ અભિગ્રહ યાદ આવી ગયો !! ડ્રાઇવરને રોકી, ઉતરી શેઠાણીને બધી વાત કરી કહે " આ બધું ધન તો મેં ધર્મને આપી દીધું છે." માણસ દિલનો ચોખ્ખો. પછી તેણે ૨ પુત્રીને ૫૦-૫૦ હજાર આપી બાકીનું ધર્માદા કરી દીધું !!! ઘણાં ઉપાશ્રયો બંધાવવા વગેરે ધર્મકાર્યો કર્યાં.

માંગલિક, વાસક્ષેપ, આશીર્વાદ વગેરેનો ચમત્કારિક પ્રભાવ છે જ. તપ, સંયમ, જાપ વગેરેનું બળ જેટલું વધુ તેટલો પ્રભાવ પણ વધુ ! તમે બધા પણ નૂતન વર્ષે સૌ પ્રથમ પ્રભુભક્તિ, માંગલિક-શ્રવણ વગેરે શ્રધ્ધાથી ભાવપૂર્વક આરાધી આત્મિક આનંદ વગેરે પામો અને પ્રભુને દિલથી પ્રાર્થના કરો કે આવો

પ્રભાવવંતો ધર્મ રોજ વધુ ને વધુ કરવાનો ઉમંગ, ઉલ્લાસ ને શક્તિ અર્પે.

## ૨૭. પ્રભુભક્તિથી કેન્સર કેન્સલ

મહારાષ્ટ્રના ધૂલિયામાં ૫ વર્ષ પહેલાં એક શ્રાવિકાને ગળામાં મોટી કેન્સરની ગાંઠ થઈ. પછી રોગ વધતો ગયો. છેવટે ઓપરેશનનો નિર્ણય લેવાયો.

રોહિણી તપ કરતી તે શ્રાવિકાને ઓપરેશનના દિવસે ઉપવાસ આવતો હતો, તેથી તેમણે કહ્યું, "ડૉક્ટર સાહેબ ! હું મોઢેથી કોઇ દવા તે દિવસે નહીં લઇ શકું ! મારે ઉપવાસ છે !" મેજર ઓપરેશન હોવાથી ડૉક્ટરે દવા વિના ઓપરેશનની ના પાડી. તેથી ૧૫ દિવસ પછી ઓપરેશન કરવાનું નક્કી થયું.

ઉપવાસ પૂર્વેના અઠવાડિયામાં તબિયત વધારે બગડી. કોઇ વખત રસ્તામાં ચક્કર આવી જતાં બ્હેન પડી પણ જતાં. ઉપવાસના દિવસે બ્હેન ઉલ્લાસથી પૂજા કરવા ગયાં. તેમને પૂજામાં બે કલાક તો રોજ થતા. પણ એ દિવસે ભક્તિમાં ખોવાઇ ગયા ! પૂજા કરતાં ચાર કલાક વીતી ગયા.

પતિને થયું કે ઘણી વાર થઇ, હજી શ્રાવિકા આવ્યા નથી. તો શું રસ્તામાં ચક્કર આવ્યા હશે ? એ ચિંતાથી શોધતા આવ્યા. પત્નીને દેરાસરમાં અતિ સ્વસ્થતાથી ચામર-પૂજા કરતાં જોયાં. **ભાવવિભોર બનીને પત્નીને પ્રભુ પાસે નાચતાં જોઇ જ રહ્યા.**

"अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं ममः;
तस्मात् कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ।"

પૂજા પછી આ શ્લોક ભાવથી વારંવાર ગદ્ગદ્ હૈયે બોલે છે. પછી પૂજા કરી બહાર નીકળતા બ્હેનને દેરાસરના ઉંબરે શ્રાવકે કહ્યું, "તમારી ચિંતા થતી હતી. તમને લેવા આવ્યો છું." ત્યારે પહેલાં જેટલી જ મોટી ગાંઠ શ્રાવકે પણ જોઇ. બ્હેન કહે, "નમણ

લગાડવું ભૂલી ગઈ છું. જો રાહ જુવો તો નમણ લગાડી આવું.'' શ્રાવકે હા પાડી. બ્હેન ગયાં, **નમન લગાડ્યું; અને પાછા ફરતા દેરાસરના ઉંબરા સુધી આવ્યાં અને ગાંઠ અડધી થઈ ગયેલી ભાઈએ જોઈ ! સ્કૂટર ઉપર બેસીને** ઘેર આવ્યાં; ત્યાં સુધીમાં તો સંપૂર્ણપણે ગાંઠ ઓગળી ગઇ ને બધી પીડા શાંત થઇ ગઈ ! ઉપવાસ સારો થયો તથા પારણું પણ સુંદર થયું. પંદર દિવસ પછી ડૉક્ટરે ગાંઠ ન હોવાથી, બધા નવા રિપોર્ટ કઢાવ્યા. તપાસ્યું તો લોહીના એક ટીપામાં પણ કેન્સરની સ્હેજ પણ અસર ન હતી !

દુનિયા જેની પાછળ ગાંડી છે તે વિજ્ઞાન વર્ષોથી અબજો રૂપિયા ખર્ચી ઘણા 'રિસર્ચ' કરવા છતાં કેન્સરને મટાડવાનો ઉપાય નથી કરી શક્યું. પણ **અસાધ્ય ગણાતા કેન્સરને પ્રભુભક્તિ ૨-૫ મિનિટમાં કેન્સલ કરવાનો ચમત્કાર આજે પણ કરે છે.** આવા પરમ તારક અરિહંત ભગવંતોની ભાવથી સદા ભક્તિ કરી અનંતા કર્મોનો નાશ કરી પરમ સુખ અને શાંતિ તમે પણ મેળવો એજ શુભેચ્છા.

## ૨૮. ધર્મપ્રભાવે મૃત્યુથી બચ્યા

સંસ્કારી અને ખૂબ ધર્મિષ્ઠ એવા મારા પરિચિત સુશ્રાવકનો નીચે આપેલો તેમના પુત્રનો સંપૂર્ણ સાચો પ્રસંગ વાંચી ધર્મના અચિંત્ય પ્રભાવમાં શ્રદ્ધા વધારો.

એન્જિનિયરીંગની છેલ્લી પરીક્ષા આપી ૨૫-૬-૮૨એ વિજય વિદ્યાનગરમાં સગાને મળવા ગયો. ત્યાંથી મિત્ર સાથે સ્કૂટર ઉપર ફરવા નીકળ્યો. રસ્તે અકસ્માત થયો. સ્કૂટર અથડાયું. બંને પડ્યાં. મિત્ર બચી ગયો. વિજયને માથામાં ભારે ઈજા થઇ. સાંભળી સગા પહોંચી ગયા. ખૂબ સીરીયસ જોઇ સ્થાનિક ડૉક્ટર પાસે પ્રાથમિક સારવાર કરાવી. લોહી અને ગ્લુકોઝના બાટલા આપવા માંડ્યા. વડોદરા હોસ્પિટલમાં લઇ જવા સલાહ મળી.

એમ્બ્યુલન્સમાં S.S.G. હોસ્પિટલમાં લઇ ગયા. ડૉક્ટરોએ તપાસી કહ્યું કે બ્રેઇનમાં મોટી ક્રેક પડી છે. કાન પાસે હાડકું ભાંગવાથી લોહી વહેતું હતું. તેથી આંખો ત્રાંસી થઇ ગઇ હતી. ડૉક્ટરોએ ૭૨ કલાકની મુદત આપી. સાથે જ કહી દીધું કે કોઇ આશા લાગતી નથી. બચે તો ૭૨ કલાક પછી ઓપરેશન કરવાની હૈયાધારણા આપી.

વિજયના દાદા ઘણાં ધર્મિષ્ઠ હતા. તેમના સંસ્કારોથી પરિવાર પણ ધર્મી હતો. બધાએ ૩ દિવસ ખૂબ ધર્મ આરાધના કરી. સાંકળી આયંબિલ ઘરનાંએ શરૂ કર્યાં. ધર્મપ્રતાપે ૩ દિવસે વિજયે આંખ ખોલી !! બીજે દિવસે કાનનું ઓપરેશન કર્યું અને સફળ થયું. મગજ પર મારને લીધે વિજય બાળક જેવી ચેષ્ટા, વાતો કરતો હતો.

ધર્મપ્રેમી પરિવારે ધર્મ કરવાનો ચાલુ રાખ્યો. ૮-૧૦ મહિને સંપૂર્ણ સારું થઇ ગયું. આજે ૨૦૦૨ ની સાલમાં પણ તેને સંપૂર્ણ સારું છે. (નામ બદલ્યું છે.)

હે જૈનો ! તમે પણ શ્રદ્ધા વધારી ગમે તેવી આફતમાં આયંબિલ આદિ આરાધનાનો દ્રઢ નિશ્ચય કરો, જેથી સર્વ વિઘ્ન જાય ને આત્મશાંતિ થાય.

## ૨૯. પ્રભુભક્તિથી મૂંગાપણું નાશ

વીરચંદભાઇ મોહનલાલ શાહ. ચીખલી ગામ (તા. હવેલી, જિલ્લો-પૂના) ના છે. આ ઘટના સં. ૨૦૫૬ની છે. ૧૨ વર્ષથી બોલવાનું બંધ થઇ ગયેલું. ઉંમર ૪૯ વર્ષની હતી. ડોક્ટરો, વૈદ્યોને બતાવ્યું. બધાએ તપાસી કહ્યું કે આનો ઇલાજ નથી. ઘણાએ સલાહ આપી કે મંત્રવેત્તા, ભૂવા વગેરેથી કેટલાક સારા થઇ જાય છે. એ બધા ઉપાય કરો. પરંતુ ધર્મશ્રદ્ધાળુ વીરચંદજીએ આ ભયંકર દુઃખથી છૂટવા શ્રદ્ધાપૂર્વક શ્રી નવકારના જાપ શરૂ કર્યા ! દૃઢ શ્રદ્ધા

હતી કે મારા અરિહંતથી આ જરૂર મટશે ! એક વાર ધંધાર્થે પૂના ગયેલા. શ્રી ગોડીજી પાર્શ્વનાથના દર્શનભક્તિ-જાપ કર્યા. બોલવા માંડયા !! ચીખલી ગામના લોકો જાણી અત્યંત હર્ષિત થઇ ગયા. લોનાવાલા સંઘે તો આનંદથી નાચતા વીરચંદભાઈનો વરઘોડો કાઢી ગામમાં ફેરવ્યા કે અમારા ધર્મનો પ્રભાવ જુઓ ! આ વીરચંદભાઈ પ્રામાણિક એવા છે કે દુકાને અભણ કે બાળકો આવે તો પણ ક્યારેય છેતરપીંડી કરતા નથી ! પ્રભુભક્તિનો પ્રભાવ એવો અદ્ભૂત કે આજે પણ બોલવાનુ ચાલુ જ છે !

## ૩૦. દાદાના પ્રભાવે છઠ્ઠ કરીને સાત જાત્રા થઇ !

એક મુનિરાજ દીક્ષા પછી પ્રથમ વાર પાલીતાણા ગયા. અમદાવાદથી સંઘમાં નીકળ્યા ત્યારે શુભ ભાવના થતી. મનમાં એક વાત રમ્યા કરતી હતી કે કોઇ પણ રીતે છઠ્ઠ કરીને સાત જાત્રા કરવી. દાદાનો ડુંગર દેખાયો અને મન નાચી ઉઠ્યું. મનમાં ભાવવિભોર થઇ વિચારે છે કે ક્યારે તળેટી આવે અને દાદાના દરબાર તરફ ભેટવા દોડું. સવારે ૧૧ વાગે તો તળેટી પહોંચ્યા. ચઢવા માંડ્યું યાત્રા કરી. પછી ઘેટી જઇને બે જાત્રા કરીને આવ્યા. "છઠ્ઠ સાથે સાત જાત્રા કરવી છે, થશે ? ખૂબ કઠિન કાર્ય છે." તેવી મનમાં શંકા રહેતી હતી. પણ બીજા દિવસે સવારે બીજા ત્રણ મહાત્માઓએ પણ જાત્રા શરૂ કરી. આમણે પણ નક્કી કર્યું કે બાકીની મારે આજે પૂરી પાંચ કરવી, પરંતુ ચોથી જાત્રા પૂરી થતાં પેશાબની શંકા થઈ. તેથી પાછા નીચે તળેટી આવી શંકા દૂર કરી.

પાંચમી જાત્રા માટે નીકળ્યા અને ચક્કર ચાલુ થયા. અંધારા આવવા માંડ્યાં. થોડું ચડ્યાં અને સિક્યોરીટીનો માણસ મળ્યો. તેણે કહ્યું, "હવે ક્યારે પાછા આવશો ? તેના કરતાં હવે જાત્રા રહેવા દો." બપોરના ૩-૩૦ થયા. પાંચ વાગે દાદાનો દરબાર માંગલિક

થાય. થાક, ચક્કર, અશક્તિ ખૂબ છે. હવે શું કરવું ? પરંતુ મન મજબૂત હતું. દાદાને પ્રાર્થના કરે છે, **"હે દાદા, તારો પ્રભાવ ખૂબ જ છે. હવે સાત જાત્રા તું પૂર્ણ કરાવજે, જેથી મારે હવે ભવભ્રમણમાં ભમવાનું ન થાય".** ગદ્ગદ્ ભાવથી પ્રભુને હાર્દિક પ્રાર્થના કરતાં ધીમે ધીમે ચઢતા દાદાને દરબારે પહોંચ્યા.

ત્યાં જ દરવાજો બંધ કરવાનો સમય થયો. ચૈત્યવંદન કર્યું. દાદાએ પોતાની એક મહેચ્છા પૂર્ણ કરી એનો અત્યંત આનંદ અનુભવ્યો. અનંતકાળનો થાક ઊતરી ગયો. મન નાચી ઊઠ્યું કે "કેવું સુંદર ! ત્રણ ભવમાં મોક્ષમાં જવાનું નક્કી થઇ ગયું. ! વાહ પ્રભુ ! તેં કમાલ કરી." આમ પરમાત્માની સહાય બધાને નક્કી મળે છે.

**શ્રી સિધ્ધગિરિજીનો** અચિંત્ય પ્રભાવ અત્યારે પણ ઘણા સાક્ષાત્ અનુભવે છે. હે ભવ્યો ! તમે પણ શાશ્વતગિરિની વિધિપૂર્વક ખૂબ ભાવથી યાત્રા, ભક્તિ આદિ વારંવાર કરી સમ્યક્ત્વ, સંયમ, સદ્ગતિ અને શિવસુખ આદિ મેળવો એ જ સદા માટે અંતરની કામના.

## ૩૧. ધર્મ ઉમંગથી પગદર્દ-નાશ

હેમાબેન વડોદરાના છે. માતાએ ધર્મના ગાઢ સંસ્કાર આપેલા. તેમને જમણા પગે ઘણાં મહિનાથી ખૂબ દર્દ થતું હતું. ઉઠતા, ચાલતા, બેસતા તકલીફ ઘણી થાય. હેમાબેનને આ પર્યુષણમાં શ્રી કલ્પસૂત્ર લેવાની અંતરમાં ભાવના જાગી ! પણ બીજા ભાગ્યશાળીએ લાભ લીધો. છતાં ભાવના જોરદાર. તેથી પછી જન્મ વાંચન પ્રસંગે ભગવાન પધરાવવાનો ચડાવો લીધો !

ભગવાનને વાજતે ગાજતે ઘરે લઇ ગયા. હૈયામાં હર્ષનો પાર નથી. રાત્રિ–જગો કર્યો. સકલ સંઘ સાથે પ્રભુના ગુણગાન

ગાતાં ભાવ નિર્મળ થઇ ગયો. કર્મ ખપી ગયા ને પગ દર્દ ત્યારે જ ગાયબ થઇ ગયું ! આ સ્વાનુભવથી હેમાબેન અને સગાઓની ધર્મ પરની શ્રધ્ધા અનેકગણી વધી ગઇ !

ભગવાનને ઘરે પધરાવો તો આટલો બધો લાભ થાય. તો તમે વિચારો કે આવા અત્યંત પવિત્ર એવા પરમાત્માને અંતરમાં પધરાવો તો તમે ખુદ પ્રભુ બની જાવ એ શાસ્ત્રવચનમાં શ્રધ્ધા કોને ન થાય ?

## ૩૨. સંતિકરં સ્તોત્રનો પ્રભાવ

નવસારીમાં એક બાળકને જન્મથી જ દમનો ભારે રોગ; વારંવાર ઉથલા મારે. ૫-૬ વર્ષ સુધી તો આ રોગ અવિરતપણે ચાલતો રહ્યો. ઘણાં ઈલાજો, ઘણી દવાઓ કર્યા પણ રોગમાં તો જરાય સુધારો થયો નહીં. ઘણી વાર હાલત ગંભીર બની જતી. દવા કરવાથી ૮ વર્ષે દર્દમાં થોડો સુધારો થયો. વારંવાર આવવાને બદલે દિવસે ૧ વાર, બે દિવસે ૧ વાર તકલીફ થાય. આવો ક્રમ ૧ વર્ષ સુધી ચાલ્યો.

તે વખતે એક સાધુ ભગવંતના પરિચયમાં આવ્યા. વિનંતી કરવાથી તેઓએ બીજો શ્રેષ્ઠ ઈલાજ બતાવ્યો અને કહ્યું, **"૧ વાટકીમાં પાણી લઈ તેમાં અનામિકા (ત્રીજી) આંગળી રાખી નવકાર અને સંતિકરં ૪૧ વખત ગણવાં.** પછી તે પાણી બાળકને પીવડાવી દેવું." આ રીતે ઇલાજ કરવાથી દર્દ ભાગવા માંડ્યું. ૧૧ માં વર્ષમાં માત્ર ૨ વખત અને ૧૨મા વર્ષે ૧ જ વાર દર્દ થયું. ત્યારબાદ **દર્દ આજ સુધી ક્યારેય આવ્યું નથી.**

**ભાગ-૧ સંપૂર્ણ**